RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 379 Dt. 24-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# ગુજરાત-મહારાષ્ટ્રમાં મેઘતાંડવ

## ઘરો, દુકાનો, શાળાઓમાંમાં પાણી ઘૂસ્યા, રસ્તાઓ પર ડૂબ્યા વાહનો, જનજીવન ઠપ્પ, ગરીબોના ઘર-ખોરડા તણાયા : પશુપાલકો પણ સાંબેલાધાર વરસાદથી પ્રભાવિત, ઠેર ઠેર સરકરી બચાવ કાર્યો પુરજોશમાં













અમદાવાદ, તા.૨૩

ગુજરાત, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીરમાં ચોમાસાની આક્રમક શરૂઆત થઈ છે. વલસાડમાં ૨૪ કલાકમાં ૧,૧૦૦ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જેનાથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. દક્ષિણ ગુજરાતમાં ૧,૨૦૦ લોકોને બચાવી હજારોને સુરક્ષિત સ્થળે ખસેડાયા. ગઉછ્ઋ, જઉછ્ઋ અને વાયુસેના બચાવ કાર્યમાં લાગેલા છે. ૨૫ થી વધુ લોકોના મોત થયા છે અને 300 થી વધુ રસ્તાઓ બંધ છે.

ચોમાસાની આક્રમક પધરામણી સાથે દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદ, જળબંબાકાર અને પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીરમાં નદી-નાળાં બે કાંઠે છલકાઈ રહ્યા છે, મુખ્ય માર્ગો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને રહેણાંક વિસ્તારોમાં ઘરો તેમજ દુકાનો સુધી પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદને કારણે સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ ઊભી થઈ છે. અહીં પૂરની સ્થિતિ વચ્ચે આશરે ૧,૨૦૦ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે અને હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા રાહત કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.દક્ષિણ ગુજરાતનો વલસાડ જિલ્લો આ વરસાદમાં સૌથી વધુ પ્રભાવિત થયો છે. ઉમરગામ તાલુકામાં ૨૪ કલાકમાં ૧,૧૦૦ મિલીમીટરથી વધુ અતિભારે વરસાદ નોંધાયો છે. જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ ૬૦૦ મિલીમીટરથી વધુ વરસાદ પડ્યો છે. વાપી, ગુંજન, ડુંગરી ફળિયા અને વાપી રેલવે અંડરપાસ પાણીમાં ડૂબી ગયા છે. રસ્તાઓ પર પાર્ક કરેલી ગાડીઓ માત્ર છત દેખાય તેટલી ડૂબી ગઈ છે.

વલસાડની અનેક સોસાયટીઓ અને એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં પૂરના પાણી ભરાઈ ગયા છે. પાર્કિંગમાં રાખેલા વાહનો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. ૨૨ જુલાઈના રોજ વલસાડમાં માત્ર ૧૦ કલાકમાં ૨૪૩ મિલીમીટર વરસાદ પડ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર સમુદ્ર જેવા દ્રશ્યો સર્જાયા હતા. રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના જણાવ્યા મુજબ આપદા વ્યવસ્થાપન ટીમ સતત તૈનાત છે.

સુરતમાં આશરે ૧,૫૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નવસારી જિલ્લામાં કાવેરી નદીની જળસપાટી વધતાં ૧૧ ગામોમાંથી ૨૦૦ લોકોને ઉગારી લેવાયા છે. તાપી જિલ્લામાં વરસાદને કારણે ૧ વ્યક્તિનું મોત થયું છે. ગઉછ્ઋ, જઉછ્ઋ, ભારતીય વાયુસેના અને તટરક્ષક દળને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સુરતના ઉધના-નવસારી મુખ્ય માર્ગ પર ભારે પાણી ભરાતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. ઉમરપાડા, બારડોલી, મહુવા, કામરેજ અને પલસાણા તાલુકામાં ભારે વરસાદ થયો છે. પાંડેસરા વિસ્તારમાં બોટની મદદથી ૪૦ લોકોને ઉગારાયા છે. સુરતમાં ગઉછ્ઋની ૨ અને જઉછ્ઋની ૫ ટીમો કાર્યરત છે.

નવસારી અને ડાંગ જિલ્લામાં સ્થિતિ અત્યંત ગંભીર છે. ડાંગની અંબિકા નદી ભયજનક સપાટીથી ૨ ફૂટ ઉપર અને કાવેરી નદી ૪ ફૂટ ઉપર વહી રહી છે. અનેક ડેમ ઓવરફ્લો થતાં ૧૭ થી વધુ ગામોને એલર્ટ કરાયા છે. શાળા-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે અને રસ્તાઓ બંધ કરી દેવાયા છે.મેઘતાંડવને કારણે નવસારીમાં નદીઓ બે કાંઠે વહી રહી છે. કાવેરી નદીના રૌદ્ર સ્વરૂપને કારણે પ્રસિદ્ધ તડકેશ્વર મહાદેવ મંદિર પણ પાણીમાં ગરકાવ થઈ ગયું છે. નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં ભારે અલાર્મ જાહેર કરવામાં આવ્યો છે. મેઘકહેરના કારણે તાપી જિલ્લો જળબંબાકાર બની ગયો છે. વાલ્મિકી નદીમાં ભયાનક ઘોડાપૂર આવતા વાલોડ તાલુકામાં નદીના પૂરના પાણી લોકોના ઘરો સુધી ઘૂસી ગયા છે. સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સાહસ કરવો પડી રહ્યો છે.

અમદાવાદ શહેરમાં ગુરુવાર સવારથી જ મુસળધાર વરસાદ વરસ્યો હતો. અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા છે અને શહેરના નીચાણવાળા અંડરપાસ વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. માણેકબાગ ચોકડી પર કમર સુધી પાણી ભરાઈ ગયા હતા. દક્ષિણ ગુજરાતમાં ટ્રેન વ્યવહાર ખોરવાતાં પશ્ચિમ રેલવે દ્વારા હેલ્પડેસ્ક શરૂ કરાયો છે. રાજ્યમાં 300 થી વધુ રસ્તાઓ બંધ થયા છે.અમદાવાદના થલતેજ વિસ્તારમાં પાણીના ભારે પ્રવાહ વચ્ચે એક મોટી ગાડી નીકળતાં તેની પાછળ નાની ગાડીઓ પાણીમાં રમકડાંની જેમ તણાવા લાગી હતી. જોકે, આગળ જઈને એ મોટી ગાડી પણ પાણીના કારણે બંધ પડી ગઈ હતી.અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં વરસાદે ભારે તારાજી સર્જી છે. સ્ટાર બજાર નજીક આવેલી એક કન્સ્ટ્રક્શન સાઇટની રક્ષણાત્મક દીવાલ ધરાશાયી થઈ જતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. હવામાન વિભાગે વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત ૧૧ જિલ્લાઓમાં ઓરેન્જ અને ૧૦ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૬૨ ટકાથી વધુ અને સમગ્ર રાજ્યમાં સરેરાશ ૩૬ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

### મહારાષ્ટ્રના પાલઘરમાં ૩ થી ૪ ફુટ પાણી ભરાયા

મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદથી જનજીવન ઠપ્પ થઈ ગયું છે. પાલઘરના દહાણુ વિસ્તારમાં રસ્તાઓ પર ૩ થી ૪ ફૂટ પાણી વહી રહ્યા છે. દહાણુ બસ ડેપો, કંક્રાટી રોડ અને ઈરાની રોડ જળમગ્ન બન્યા છે. વેપારીઓની દુકાનોમાં પાણી ભરાઈ જતાં મોટા પાયે નુકસાન થયું છે.વસઈ અને નાલાસોપારાના નીચાણવાળા વિસ્તારોમાં ભારે જળબંબાકાર છે. નાલાસોપારામાં ગાળા નગર પાસે રિક્ષાઓ પાણીમાં તરતી જોવા મળી હતી. નાસિકમાં ગોદાવરી નદીમાં પૂર આવતાં એક વ્યક્તિ ફસાયો હતો જેને અગ્નિશામક દળે રેસ્ક્યૂ કર્યો હતો. ગંગાપુર અને ડારણા ડેમમાંથી પાણી છોડાતાં નદીની સપાટી વધુ વધી છે.

### જમ્મુ-કાશ્મીરમાં ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલન

જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદને પગલે ફ્લેશ ફ્લડ અને લેન્ડસ્લાઈડની ઘટનાઓ બની છે. રિયાસીમાં ચેનાબ નદીનું સ્તર વધતાં સલાલ ડેમ અને બગલિહાર ડેમના તમામ દરવાજા ખોલવામાં આવ્યા છે. ગઈંડ્ઈ દ્વારા લોકોને નદી કિનારે ન જવાની સૂચના આપવામાં આવી છે.રાજૌરીમાં પહાડી વિસ્તારોમાં ઘોડાપૂર આવ્યું છે. ડોડામાં ભૂસ્ખલન દરમિયાન પહાડ પરથી મોટા પથ્થરો પડતાં એક કાર દબાઈ ગઈ હતી. રેસ્ક્યૂ ટીમે દોરડાની મદદથી વાહનને બહાર કાઢ્યું હતું. ગુરેજ અને શ્રીનગરના તેલબલ વિસ્તારમાં પણ નદીઓ ઉફાન પર છે. બાંડીપોરામાં પૂરના પાણીમાં તણાઈ જવાથી એક મહિલાનું કરૂણ મોત નીપજ્યું છે. રેસ્ક્યૂ ટીમે મુશ્કેલ કામગીરી બાદ મૃતદેહ બહાર કાઢ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં વરસાદ અને પૂરના કારણે અત્યાર સુધીમાં ૨૫ થી વધુ લોકોના મોત થયા છે અને માળખાકીય સુવિધાઓને મોટું નુકસાન પહોંચ્યું છે.

### પેપર લીક મામલે હવે આકરા પાણીએ

## કોકરોચ જનતા પાર્ટીનું રાષ્ટ્રવ્યાપી આંદોલન

નવી દિલ્હી, તા.૨૩

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ ૨૪ જુલાઈએ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. પેપર લીક અને વિદ્યાર્થીઓની માંગણીઓને લઈને આ આંદોલન કરાશે. CJPએ વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોડાવા અપીલ કરી છે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે, CJPએ ડિજિટલ પેમ્ફલેટ દ્વારા માહિતી શેર કરી છે. પક્ષે શાંતિપૂર્ણ પ્રદર્શન અને એકતા દર્શાવવા આગ્રહ કર્યો છે.

: જંતર-મંતર પર વિદ્યાર્થીઓના ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે કોકરોચ જનતા પાર્ટી(CJP)એ એક મોટો નિર્ણય લીધો છે. CJPએ શુક્રવાર, ૨૪ જુલાઈએ દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓને તેમાં જોડાવા અપીલ કરી છે. આ પ્રદર્શન પેપર લીક મામલે અને વિદ્યાર્થીઓની વિવિધ માંગણીઓને લઈને આયોજિત કરવામાં આવી રહ્યું છે. આંદોલનકારી વિદ્યાર્થીઓ સતત કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે. સીજીપીએ આ પ્રદર્શન અંગેની માહિતી એક ડિજિટલ પેમ્ફલેટ દ્વારા શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. પાર્ટીએ લોકોને શાંતિપૂર્ણ રીતે એકઠા થઈને એકતા દર્શાવવા વિનંતી કરી છે.




સંગઠને દરેક જિલ્લામાં એક દિવસ માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવાનો આગ્રહ કર્યો છે, જેથી દેશભરમાં પોલીસ કાર્યવાહીનો ભોગ બનેલા લોકો પ્રત્યે સમર્થન દર્શાવી શકાય. પોસ્ટરમાં 'Every District. One Day. One Demand'નો નારો આપવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ૨૪ જુલાઈએ યોજાશે, જેના માટે સ્થાનિક સ્તરે પરવાનગી અને વ્યવસ્થાઓ કરવા માટે વિદ્યાર્થી સંગઠનોને સૂચના આપવામાં આવી છે.CJPએ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓની માંગણીઓ જાહેર કરવા અને કાનૂની મદદ તેમજ સમર્થન આપવા જણાવ્યું છે. આ માટે **Standard Operating Procedure (SOP)**, પ્રચાર સામગ્રી અને આવેદનપત્ર(**Memorandum**)નો ડ્રાફ્ટ પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યો છે. પોસ્ટરના અંતે 'ઈંકલાબ ઝિંદાબાદ' અને 'ભારત માતા કી જય'ના નારા સાથે લોકોને પ્રદર્શનમાં જોડાવા હાકલ કરાઈ છે.

### જંતર-મંતર પર આંદોલન વચ્ચે વધુ એક પેપર લીક!

## ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીની ૨ પરીક્ષાઓ રદ

### શિવાલીક કોલેજના પ્રોફેસર આશિષ કુમારે વોટ્સએપ ગ્રૂપમાં પ્રશ્નો મોકલ્યા'તા

નવી દિલ્હી, તા.૨૩

ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના ૨ પેપર લીક થતાં પરીક્ષા રદ કરાઈ છે. શિવાલીક કોલેજના પ્રોફેસર આશિષ કુમારે વોટ્સએપ ગ્રૂપમાં પ્રશ્નો મોકલ્યા હતા. વાઈસ ચાન્સેલરે જણાવ્યું કે, પ્રોફેસરને ૭ વર્ષ માટે પરીક્ષાની કામગીરીમાંથી હટાવાયા છે. ઑગસ્ટમાં ફરી પરીક્ષા લેવાશે. દેશભરમાં પેપર લીકના વિરોધ વચ્ચે આ ઘટનાથી યુનિવર્સિટીની ભૂમિકા પર સવાલ ઉઠ્યા છે.

દિલ્હીના જંતર-મંતર પર પેપર લીક મામલે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે, ત્યારે ઉત્તરાખંડમાં પણ વધુ એક પેપર લીકની ઘટના સામે આવી છે. ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના ૨ પેપર કથિત રીતે લીક થયા બાદ બંને વિષયની પરીક્ષા રદ્દ કરી દેવામાં આવી છે. આ મામલે શિવાલીક કોલેજના પ્રોફેસર આશિષ કુમાર સામે કેસ નોંધવામાં આવ્યો છે અને ઘટનાની તપાસ શરૂ કરી દેવાઈ છે. શિવાલીક કોલેજ ઓફ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ પ્રોફેસર આશિષ કુમાર પેપર સેટર તરીકે કામ કરતા હતા. તેમના પર આરોપ છે કે, તેમણે ૮ જુલાઈ રોજ યોજાયેલી પરીક્ષા પહેલાં 'ખફભવશક્ષય ક્યફક્ષિશક્ષલ રજ્ઞ ઈંક્ષયિંક્ષિયર્ િજ્ઞર ઝવશક્ષલત' વિષયના પરીક્ષાને



મળતા આવતા ૯૦% સવાલો પોતાના ૨૨ વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રૂપમાં મોકલી દીધા હતા. તપાસ દરમિયાન ખબર પડી કે આ સિવાય અન્ય એક પેપર પણ પહેલાથી લીક થઈ ચૂક્યું હતું. વીર માધો સિંહ ભંડારી ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર તૃપ્તા ઠાકુરે જણાવ્યું કે 'અમે આગામી ૭ વર્ષ માટે તે શિક્ષકને પરીક્ષાની તમામ કામગીરીમાંથી હટાવી દીધા છે. શિક્ષકે પોતાના ૨૨ બાળકો માટે આ ગેરરીતિ આચરી છે. આવા શિક્ષકોને પરીક્ષામાં ક્યારેય સામેલ ન કરવા એ અમારી નૈતિક ફરજ છે. અમે કોલેજ દ્વારા કરાયેલી કાર્યવાહીથી સંતોષી નથી અને કોલેજને શિક્ષક સામે કેસ નોંધવા જણાવ્યું છે.'

# દક્ષિણ ગુજરાતમાં જળબંબાકાર


૪૮ કલાકમાં ૪૩ ઇંચ વરસાદ : છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત

રાજકોટ, તા. ૨૩


સુરત સહિત દક્ષિણ ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદના કારણે નીચાણવાળા ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. ખેતરોમાં લાંબા સમય સુધી પાણી ભરાઈ રહેવાને કારણે કપાસ અને તુવેરના પાકમાં 'મૂળ સડી જવા' ની ગંભીર સમસ્યા ઉદ્ભવી છે. મૂળમાં કોહવાટ થવાને કારણે છોડ સુકાઈ રહ્યા છે, જેનાથી પાક સંપૂર્ણપણે નષ્ટ થવાની ભીતિથી અન્નદાતાઓ ભારે નિરાશા અને ચિંતામાં મુકાયા છે. સુરતના ખેડૂત આગેવાન જયેશભાઇ દેલાડે સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે ચોમાસાના લાંબા વિરામ બાદ અચાનક આવેલી અતિવૃષ્ટિએ ખેડૂતોનું ગણિત બગાડી નાખ્યું છે. સતત વરસી રહેલા વરસાદ અને અલ નીનોની આશંકા વચ્ચે ખેતી પર મોટો ક્ષોભ ઊભો થયો છે. ખેતરોમાંથી પાણીનો નિકાલ ન થવાને કારણે વાવેતર નિષ્ફળ જવાની પૂરેપૂરી શક્યતા છે, જેથી ખેડૂતોને આર્થિક ફટકો પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

પૂરની આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા માટે સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં ગઉછઋ અને જઉછઋની વિશેષ ટીમો તૈનાત કરવામાં આવી છે. સુરતમાં એકઝામ્પલ તરીકે ૧,૫૦૦ લોકો સહિત કુલ મળીને હજારો નાગરિકોનું સુરક્ષિત સ્થળે રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત કાવેરી નદી નજીક ફસાયેલા ૨૦૦ જેટલા લોકોને પણ તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટરો સાથે ટેલિફોનિક ચર્ચા કરીને રાહત અને બચાવ કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી છે.

હવામાનની આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને રેડ એલર્ટ જાહેર કરાયેલા જિલ્લાઓમાં પ્રભારી સચિવોને તાત્કાલિક ધોરણે પહોંચવાના આદેશ આપવામાં આવ્યા છે. સલામતીના ભાગરૂપે રાજ્યમાં હાલ ૩૦૦થી વધુ પંચાયત માર્ગો બંધ કરવામાં આવ્યા છે અને ૨૦૦થી વધુ એસટી બસની ટ્રિપો રદ કરાઈ છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂર પડ્યે એર લિફ્ટ માટે એરપોર્ટ તેમજ કોસ્ટગાર્ડને પણ સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા છે. ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને વલસાડ જિલ્લાના ઉમરગામમાં માત્ર ૪૮ કલાકની અંદર રેકોર્ડબ્રેક ૪૩ ઈંચ વરસાદ નોંધાયો છે, જેના લીધે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદ અને નદીઓની જળસપાટી ખતરાના નિશાનથી ઉપર જતાં રાજ્યભરમાં તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

### કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે સ્થિતિનો મેળવ્યો તાગ

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની તારાજીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે ટેલિફોનિક વાતચીત કરીને કેન્દ્ર સરકાર પાસે તાકીદની મદદ માંગી છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રીએ રાજ્યને તમામ પ્રકારની જરૂરી મદદ પૂરી પાડવાની સંપૂર્ણ ખાતરી આપી છે. રાજ્યમાં સર્જાયેલી આ કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે પ્રશાસન સંપૂર્ણપણે સજ્જ અને હાઈ એલર્ટ પર છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાની તમામ પૂર્વનિર્ધારિત સત્તાવાર અને જાહેર કાર્યક્રમો રદ કરીને તાત્કાલિક વલસાડ પહોંચ્યા હતા જ્યાં તેઓએ વલસાડ કલેક્ટર અને સ્થાનિક વહીવટી તંત્ર સાથે સમીક્ષા બેઠક યોજતી હતી અને રાહત કામગીરીનું મોનિટરિંગ કર્યું હતું. રેડ એલર્ટ જાહેર કરાયેલા જિલ્લાઓમાં સરકાર દ્વારા ખાસ પ્રભારી સચિવોને તાત્કાલિક પહોંચવાના સખત આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા છે.





# રાજકોટમાં પ્રણોપાસના શિબિરનું આયોજન

## શિબિરમાં જોડવા વોટ્સએપ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત

રાજકોટ, તા.૨૩

રાજકોટમાં યોગ અને વિપશ્યનાના પ્રખર વિદ્વાન ડોક્ટર આર.જે. જાડેજા સાહેબની સંપૂર્ણ મફત પ્રણોપાસના શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં વિપશ્યના (આનાપાન) પદ્ધતિ, વૈજ્ઞાનિક અને શાસ્ત્રોક્ત પદ્ધતિથી આસન, પ્રાણાયામ અને ધ્યાનયોગ અને ધ્યાન દ્વારા સ્વસ્થ જીવન જીવવાની પદ્ધતિ તેમજ બાળકો માટે ખાસ બાલ યોગ શિબિર વિષે વિશેષ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

બે દિવસ દરમિયાન યોજાનાર શિબિરની મળતી માહિતી મુજબ તા. ૨૪ જુલાઈના રોજ માત્ર બહેનો માટે સાંજે ૫થી ૬-૧૫ દરમિયાન અશોક ગોંધિયા સેનિટોરીયમ, ગુલાબવાટીકા-૨ કોર્નર, અમીન માર્ગ, રાજકોટ ખાતે શિબિર યોજાશે. તે જ દિવસે માત્ર ૫થી ૧૫ વર્ષના બાળકો માટે સાંજે ૬-૩૦થી ૭-૩૦ દરમિયાન સરદાર પટેલ ભવન, ન્યૂ માયાણી નગર-૧, માલવીયા પોલીસ સ્ટેશન વાળી શેરી, પાણીના ટાંકા સામે, રાજકોટ. તેમજ તા.૨૫ના રોજ ભાઈઓ-બહેનો માટે સવારે ૬થી ૭ વાગ્યા દરમિયાન સરદાર પટેલ ભવન, ન્યૂ માયાણી નગર-૧ , માલવીયા પોલીસ સ્ટેશન વાળી શેરી, પાણીના ટાંકા સામે, રાજકોટ શિબિર યોજનાર છે.

ઉપરોક્ત દિવસોએ યોજાનાર શિબિરમાં જોડવા માટે ૯૭૨૩૭ ૭૬૯૦૦ અને ૬૩૫૧૫ ૧૩૧૦૧ નંબર પર નામ અને મોબાઈલ નંબર મોકલીને રજીસ્ટ્રેશાન ફરજીયાત છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ડો. આર. જે. જાડેજા યોગાસન સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પેટ્રોન, સંસદ ઈન્ડિયન પાર્લામેન્ટ ઓફ યોગના સાંસદ અને પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. તે ઉપરાંત વિપશ્યના કેન્દ્ર (ધમ્મ પાલી) ભાવનગર જિલ્લાના પ્રમુખ તેમજ ભાવનગર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગના ભૂતપૂર્વ ડાયરેક્ટર છે. યોગ ક્ષેત્રે તેમના બહુમૂલ્ય અને દાયકાઓ જૂના પ્રદાનને કારણે તેમને યોગ બિરાદરીમાં ભીષ્મ પિતામહ તરીકે પણ ઓળખવામાં આવે છે. ગુજરાત અને સમગ્ર ભારતમાં યોગ અને વિપશ્યનાના પ્રચાર-પ્રસાર માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું હોવાનું મનાય છે.

# ત્રણ હથિયાર-૮ કારતૂસ સાથે બે ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચે રસુલપરા અને અમુલ સર્કલ પાસે દરોડા પાડી ૩૬૨૦૦નો મુદ્દામાલ કર્યો કબજે




રાજકોટ, તા.૨૩

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદેસર હથિયારો પકડવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ સૂચનાઓ અન્વયે ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ. ચાવડા, એમ.એસ. ડામોર અને સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી, જે અંતર્ગત તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચે બાતમીના આધારે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ગેરકાયદેસર હથિયારો અને જીવતા કારતૂસ સાથે બે કુખ્યાત ઇસમોને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

પ્રથમ દરોડામાં પીએસઆઈ એસ.એમ. રાણા અને તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે વાવડી રસુલપરા રોડ પરથી રહીમ ઉર્ફે જામનગરી સિદ્દીકભાઈ સાંધ સંધિ નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી ૧ ગેરકાયદેસર પીસ્ટલ અને ૨ જીવતા કાર્ટીઝ મળી આવ્યા હતા. ત્યારબાદ તેના રહેણાંક મકાનની ઝડતી તપાસ કરતા ત્યાંથી વધુ એક દેશી કટ્ટો (તમંચો) તથા ૪ જીવતા કાર્ટીઝ મળી આવતા પોલીસે કુલ ૩૬,૨૦૦/- રૂપિયાનો મુદ્દામાલ (જેમાં રૂ. ૨૫,૦૦૦ ની પીસ્ટલ, રૂ. ૧૦,૦૦૦ નો તમંચો અને રૂ. ૧,૨૦૦ ના કાર્ટીઝનો સમાવેશ થાય છે) કબજે કર્યો છે તેમની વિરુદ્ધ અગાઉ રાજકોટ શહેર અને તાલુકા પોલીસ સ્ટેશનમાં પાસા સહિત ૬ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ અને ઇગજ ની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. બીજા દરોડામાં પીએસઆઈ વી.ડી. ડોડીયા અને તેમની ટીમ દ્વારા ૮૦ ફૂટ રોડ, અમુલ સર્કલ પાસેથી વસીમ ઉર્ફે સાહબાઝ હબીબભાઈ કુરેશી (રહે. મનહર સોસાયટી, દુધસાગર રોડ, રાજકોટ) નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. તેની પાસેથી ૧ ગેરકાયદેસર પીસ્ટલ અને ૨ જીવતા કાર્ટીઝ તેમજ ૨૫,૦૦૦/- રૂપિયાની કિંમતનો મોબાઈલ ફોન મળી આવતા કુલ ૩૫,૨૦૦/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ આરોપીનો ગુનાહિત ઇતિહાસ તપાસતા તેની સામે અગાઉ પ્રદ્યુમનનગર અને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ૨ ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે, તેની સામે પણ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી વચ્ચે ગુનો નોંધાયો હતો સમગ્ર સફળ કામગીરી ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ, પીએસઆઈ તેમજ એ.એસ.આઇ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલોની ટીમના સંયુક્ત પ્રયાસોથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# ટ્રેન ડ્રાઈવરની સમયસૂચકતાએ બચાવ્યો સાવજ


૨૦૨૪થી અત્યાર સુધીમાં ૩૨૦ સિંહ બચાવ્યાનો રેલ્વેતંત્રનો દાવો

રાજકોટ,તા.૨૩

પશ્ચિમ રેલવેનું ભાવનગર રેલવે મંડળ માત્ર મુસાફરોની સુરક્ષા માટે જ નહીં, પરંતુ પર્યાવરણ અને વન્યજીવોના રક્ષણ માટે પણ કટિબદ્ધ છે. ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ એક મોટો પડકાર છે, પરંતુ રેલવે પ્રશાસન અને વન વિભાગના સંયુક્ત પ્રયાસોથી આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડવામાં આવી રહ્યું છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ આપેલી માહિતી મુજબ, લોકો પાયલટોની સજાગતા અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકરો સાથેના ઉત્કૃષ્ટ સંકલનને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક સિંહોના જીવ બચાવી શકાયા છે. આ આંકડાઓ રેલવે વિભાગની કર્તવ્યનિષ્ઠાની ચાડી ખાય છે.

વિગતો મળી રહી છે ૨૦૨૪-૨૫ માં ૧૫૯, ૨૦૨૫-૨૬માં ૧૨૯ અને ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં ૩૨ વનરાજના બચાવી લેવાયા છે. આ આંકડાઓ માત્ર નંબરો નથી, પરંતુ પૃથ્વી પરથી લુપ્ત થઈ રહેલી એશિયાટિક સિંહોની પ્રજાતિને બચાવવા માટે રેલવે કર્મચારીઓએ આપેલો બહુમૂલ્ય ફાળો છે. રેલ કર્મચારીઓની સતર્કતા વિષે આજની મળેલી વિગતો જોઈએ તો આજે તા. ૨૩ ના રોજ એક એવી ઘટના બની જેણે ફરી એકવાર સાબિત કર્યું કે માનવીય સંવેદનશીલતા અને ફરજ પ્રત્યેની નિષ્ઠા કોઈ પણ મોટી દુર્ઘટનાને ટાળી શકે છે. વેરાવળ-જૂનાગઢ ૫૨૯૫૫ નંબરની પેસેન્જર ટ્રેનમાં લોકો પાયલટ ચંદન કુમાર અને સહાયક લોકો પાયલટ મોહમ્મદ શિબ્લી (બંનેનું મુખ્યાલય-જૂનાગઢ) ફરજ પર હતા. સાસણ ગીર-કાંસિયાનેશ રેલખંડ (કિ. મી. નં. ૧૧૪/૦૨-૧૧૪/૦૧ નજીક) જ્યારે ટ્રેન સાસણ ગીરના ગાઢ જંગલ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક જંગલનો રાજા - એક વિશાળકાય એશિયાટિક સિંહ - રેલવે ટ્રેક પર આવી ગયો હતો. જંગલ વિસ્તાર હોવાથી લોકો પાયલટ પહેલેથી જ નિર્ધારિત ગતિમર્યાદાનું ચુસ્તપણે પાલન કરી રહ્યા હતા. સિંહને ટ્રેક પર જોતાં જ પરિસ્થિતિની ગંભીરતા સમજીને પાયલટોએ જરા પણ સમય ગુમાવ્યા વિના અત્યંત સૂઝબૂઝ અને સતર્કતાનો પરિચય આપી . તેમણે ત્વરિત ગતિએ ઈમરજન્સી બ્રેક લગાવી દીધી. ટ્રેનના પૈડાં થંભી ગયા અને સિંહથી થોડા જ અંતરે ટ્રેન સુરક્ષિત રીતે ઊભી રહી ગઈ. એક મોટી દુર્ઘટના ટળી ગઈ અને જંગલના રાજાનો જીવ બચી ગયો હતો. ટ્રેન રોક્યા બાદ કામગીરી ત્યાં જ પૂરી થઈ ન હતી. પ્રોટોકોલ મુજબ ત્વરિત લેવાયેલા પગલાંના ભાગરૂપે લોકો પાયલટે તરત જ ટ્રેન મેનેજર (ગાર્ડ) ને આ સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ત્યારબાદ કંટ્રોલ રૂમ મારફતે વન વિભાગને સંદેશો પહોંચાડવામાં આવ્યો હતો. ગણતરીની મિનિટોમાં જ વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર જે. જી. પરમાર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

વન વિભાગની ટીમે ભારે જહેમત અને કુનેહપૂર્વક સિંહને ટ્રેક પરથી દૂર જંગલ તરફ સુરક્ષિત રીતે ખસેડ્યો હતો. પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય અને સુરક્ષિત બની ગયાની ખાતરી કર્યા બાદ જ ટ્રેનને ફરીથી પ્રસ્થાન કરવાની મંજૂરી આપવામાં આવી. ત્યારબાદ ટ્રેનને અત્યંત સાવચેતીપૂર્વક તેના આગળના ગંતવ્ય સ્થાન તરફ રવાના કરવામાં આવી હતી. આ શાનદાર કામગીરીની જાણ થતાં જ ભાવનગર મંડળના ઉચ્ચ અધિકારીઓએ પાયલટોની પીઠ થાબડી હતી. મંડળ રેલ પ્રબંધક (DRM) દિનેશ વર્મા અને અપર મંડળ રેલ પ્રબંધક (ADRM) ઋત્વિક શર્મા એમ બંને અધિકારીઓ સહિત સમગ્ર રેલવે પ્રશાસને લોકો પાયલટોની સતર્કતા, વન્યજીવો પ્રત્યેની તેમની સંવેદનશીલતા અને ઉચ્ચ કક્ષાની કર્તવ્યનિષ્ઠાની ભારે પ્રશંસા કરી હતી. આવા કર્મચારીઓ રેલવે વિભાગ માટે ગૌરવરૂપ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભાવનગર રેલવે મંડળ વન્યજીવ સંરક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ભવિષ્યમાં પણ રેલવે અને વન વિભાગના સંકલિત પ્રયાસો દ્વારા, સ્પીડ લિમિટનું પાલન કરીને અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એશિયાટિક સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ જ રીતે સતત અને અવિરત કાર્ય થતું રહેશે. ગીરનો સિંહ એ માત્ર જંગલની શાન નથી, પરંતુ સમગ્ર વિશ્વની ધરોહર છે, અને તેને બચાવવો એ સૌની સહિયારી જવાબદારી છે.

### રાજકોટમાં ચાંદીપુરા વાયરસનો પંજો


# બાળકી ગંભીર, સિવિલમાં વધુ ૨ શંકાસ્પદ દર્દીઓ દાખલ

## પાંચીયાવદળ ગામમાં આરોગ્ય વિભાગ ત્રાટક્યુંઃ યુદ્ધના ધોરણે દવા છંટકાવ અને ડોર-ટુ-ડોર સર્વે શરૂ; તંત્ર દ્વારા વાલીઓને સતર્ક રહેવા અપીલ

રાજકોટ, તા. ૨૩

સૌરાષ્ટ્રમાં ચાંદીપુરા વાયરસનો ખૌફ ફરી એકવાર સામે આવ્યો છે. રાજકોટ જિલ્લાના પાંચીયાવદળ ગામની એક બાળકી ચાંદીપુરા વાયરસથી સંક્રમિત થતાં તેની તબિયત અચાનક વધુ લથડી હતી. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને બાળકીને તાત્કાલિક ધોરણે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે, જ્યાં નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેની વિશેષ અને સઘન સારવાર ચાલુ કરી દેવામાં આવી છે. બાળકીનો આ કેસ સામે આવતાની સાથે જ રાજકોટ સિવિલ હોસ્પિટલનું તંત્ર સંપૂર્ણપણે હરકતમાં આવી ગયું છે. વાયરસના વધતા ભય વચ્ચે સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસ જેવા જ લક્ષણો ધરાવતા વધુ બે શંકાસ્પદ દર્દીઓને પણ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. હાલ આ બંને દર્દીઓની પણ તબીબો દ્વારા સઘન તપાસ અને સારવાર ચાલી રહી છે.

ગામડાઓમાં વાયરસ વ્યાપકપણે ન ફેલાય તે માટે રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગે તાત્કાલિક મોરચો સંભાળી લીધો છે. સંક્રમિત બાળકીના ગામ પાંચીયાવદળ ખાતે આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગામમાં મચ્છરો, સેન્ડફલાય અને અન્ય જીવાતોના ઉપદ્રવને ડામવા માટે વ્યાપક સ્તરે ફોગિંગ અને દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ટીમો દ્વારા ગામના દરેક ઘરમાં સર્વે કરીને શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓની શોધખોળ કરવામાં આવી રહી છે અને તાત્કાલિક સેમ્પલ લેવાની કામગીરી પણ પૂરઝડપે ચાલી રહી છે.





આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેન્ડફ્લાયના કરડવાથી ફેલાય છે. આ વાયરસ ખાસ કરીને નાના બાળકોને ઝડપથી પોતાની ચપેટમાં લે છે. વહીવટી તંત્ર દ્વારા આ રોગચાળો આગળ વધતો અટકાવવા માટે તમામ જરૂરી નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે. બાળકોમાં ચાંદીપુરા વાયરસનું કોઈ પણ શંકાસ્પદ લક્ષણ જણાય તો સહેજ પણ વિલંબ કર્યા વગર તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવ્યું છે. આ રોગમાં સમયસરની સારવાર ખૂબ જ મહત્વની હોવાથી કોઈપણ પ્રકારની બેદરકારી દાખવવામાં ન આવે તેવું પણ જણાવાયું છે. ઘરની આસપાસ ગંદકી અને રેતી/માટીનો જમાવટો ન થવા દેવો જેથી સેન્ડફ્લાયનો ઉપદ્રવ અટકાવી શકાય.

આરોગ્ય વિભાગની ટીમો ગામના ૧૦૦૦થી વધુ ઘરોમાં ફરીને એક-એક બાળકની આરોગ્ય તપાસ કરી રહી છે.સેન્ડફ્લાય કાચા મકાનોની તિરાડો, માટીના ઢગલા અને ગંદકીમાં ઈંડા મૂકે છે. આથી આ માખીના નાશ માટે સમગ્ર પાંચીયાવદળ અને આસપાસના વિસ્તારોમાં મેલાથિઓન પાવડરનો છંટકાવ અને વિસ્તૃત ફોગિંગ કામગીરી ચાલુ કરાઈ છે.

આ વાયરસ શરીર અને ખાસ કરીને મગજ પર ખૂબ જ ઝડપથી આક્રમણ કરે છે. લક્ષણો શરૂ થયાના ૪૮ કલાકમાં જ બાળકની સ્થિતિ ગંભીર બની શકે છે. ચાંદીપુરા વાયરસ સામે લડવા માટે હજુ સુધી કોઈ ચોક્કસ એન્ટિવાયરલ દવા કે રસી ઉપલબ્ધ નથી. તબીબો માત્ર 'સિમ્પટોમેટિક થેરાપી' (લક્ષણો આધારિત સપોર્ટિવ સારવાર) આપી શકે છે.



# ખાંડ અનાજનો ૯૨૪ કિલો જથ્થો સીઝ

## જથ્થામાં ઘટાડો નોંધાતા પુરવઠા અધિકારીની કામગીરી

રાજકોટ, તા. ૨૩

રાજકોટ જિલ્લા પૂરવઠા વિભાગ દ્વારા અનાજ માફિયાઓ અને રેશનિંગ દુકાનોમાં થતી ગેરરીતિઓ સામે ઝુંબેશ તેજ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ગત તારીખ ૨૦ના રોજ વિરનગર ગામ ખાતે આવેલી એક વ્યાજબી ભાવની દુકાન (ઋઙ્ઘ્જ) પર પૂરવઠા તંત્રની ટીમે અચાનક દરોડો પાડી સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન મોટા પાયે અનાજનો જથ્થો ગાયબ હોવાનું સામે આવતા તંત્ર દ્વારા આકરા પગલાં લેવામાં આવ્યા છે. આ અંગે પૂરવઠા અધિકારી શ્રી અજય ઝાંપડાના જણાવ્યા અનુસાર, સપ્લાય ઈન્સ્પેક્ટરની વિશેષ ટીમ દ્વારા તા. ૨૦/૭ના રોજ વિરનગર ખાતે આવેલી ઋઙ્ઘ્જ દુકાનના વેપારી વસંતગીરી નારણગીરી ગોસાઈની દુકાનમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

રેશનિંગના જથ્થામાં આટલી મોટી માત્રામાં ઘટ આવવી એ એક ગંભીર ક્ષતિ અને નિયમોનું સીધું ઉલ્લંઘન હોવાનું ધ્યાને લઈ પૂરવઠા વિભાગે તાત્કાલિક ધોરણે આકરા પગલાં ભર્યા છે. તંત્ર દ્વારા દુકાનમાં રહેલો તમામ હાજર જથ્થો સીઝ કરી લેવામાં આવ્યો છે અને સંબંધિત વેપારી સામે ખાતાકીય કેસ દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્રની આ સરપ્રાઈઝ કામગીરીથી ગ્રામ્ય વિસ્તારના અન્ય કાળાબજારીયા અને ગેરરીતિ આચરતા રેશનિંગ વેપારીઓમાં ભારે ફાળ પડી છે.

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર યથાવત

## રાજકોટ સહિત પંથકમાં ધીમીધારે વરસાદઃ સોરઠ, ગોહિલવાડ અને ઝાલાવાડમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાંઃ આગામી ૨૪ કલાક અતિ ભારે વરસાદની આગાહી રાજ્યમાં વરસાદી સિસ્ટમ સક્રિય

રાજકોટ, તા. ૨૩

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદનો ક્રમ યથાવત રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન સોરઠ (જૂનાગઢ) પંથકમાં અડધાથી દોઢ ઈંચ, ભાવનગર જિલ્લામાં અડધાથી એક ઈંચ અને સુરેન્દ્રનગર જિલ્લામાં મધ્યમ વરસાદ નોંધાયો છે. જામનગર જિલ્લામાં પણ વિવિધ સ્થળે વરસાદી ઝાપટાં પડ્યા છે. ગઈકાલ સવારથી જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં કાળા ડિબાગ વાદળોની ઘેરાબંધી વચ્ચે ચોમાસુ માહોલ છવાયેલો છે અને અતિ મનોહર વાતાવરણ વચ્ચે અનેક સ્થળોએ ધીમીધારે વરસાદ શરૂ થયો છે.ભાવનગર અને સુરેન્દ્રનગર સહિત સૌરાષ્ટ્રના મોટાભાગના શહેરોમાં સવારથી ચાલુ રહેલા ધીમીધારના વરસાદને કારણે ઉકળાટમાંથી મુક્તિ મળી છે અને સમગ્ર વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હળવોથી મધ્યમ વરસાદ યથાવત રહ્યો છે. સોરઠમાં ૦૫થી ૧.૫ ઈંચ, ભાવનગર જિલ્લામાં ૦૫થી ૧ ઈંચ, જામનગર જિલ્લામાં ઝાપટારૂપી વરસાદ નોંધાયો છે. ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાં પણ મધ્યમ વરસાદ નોંધાયો છે. જયારે ગઈકાલથી જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગોરંભાયેલા આકાશ વચ્ચે ચોમાસુ માહોલ છવાયેલો છે અને અમુક સ્થળોએ હળવો વરસાદ પણ શરૂ થયો છે. દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થતા અહેવાલો મુજબ સોરઠ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં મેંદરડા માં દોઢ ઈંચ, વિસાવદર - એક એક ઈંચ ભેસાણ -વંથલી માં પોણો પોણો ઈંચ



માણાવદર-કેશોદ માં અને માળીયાહાટીના માં સાત મીલીમીટર વરસાદ નોંધાયો છે. દરમ્યાન સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થતા અહેવાલો મુજબ સોરઠ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં મેંદરડા માં દોઢ ઈંચ, વિસાવદર - એક એક ઈંચ ભેસાણ -વંથલી માં પોણો પોણો ઈંચ માણાવદર-કેશોદ માં અને માળીયાહાટીના માં સાત મીલીમીટર વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી ૨૪ કલાક ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે કારણ કે રાજ્યના વાતાવરણમાં ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થઈ ચૂકી છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, હાલમાં એકસાથે ૪ મોટી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. જેમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, શેયર ઝોન અને ચોમાસુ ટ્રફનો સમાવેશ થાય છે. આ મજબૂત સિસ્ટમ્સના કારણે સમગ્ર રાજ્યમાં મેઘરાજા ગાજવીજ સાથે બેટિંગ કરી રહ્યા છે. બીજી તરફ, મધ્ય અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના વિસ્તારો જેવા કે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા અને ભાવનગર જિલ્લાઓમાં પણ 'ઓરેન્જ એલર્ટ' આપવામાં આવ્યું છે. સતત વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું સંકટ ઘેરાયું છે અને સ્થાનિક તંત્રને એલર્ટ મોડ પર મૂકવામાં આવ્યું છે.

# શરત ભંગના ૧૮ કેસોમાં ૨.૧૮ કરોડથી વધુનો દંડ

## રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશની લાલઆંખઃ બિનઅધિકૃત રીતે જમીનનો વપરાશ કરતા આસામીઓ સામે કડક કાર્યવાહી

રાજકોટ, તા. ૨૩

મહેસુલી કાયદાનો અનાદર કરી બિનઅધિકૃત રીતે જમીનનો વપરાશ કરતા આસામીઓ સામે રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કલેક્ટર ડો. ઓમપ્રકાશે રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં શરત ભંગના ૧૮ જેટલા કેસોમાં કાર્યવાહી કરીને કુલ ૨.૧૮ કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે. રાજકોટ જિલ્લામાં મહેસુલી તંત્ર પાસેથી યોગ્ય મંજૂરી કે હેતુફેર કરાવ્યા વગર જ ખેતી અથવા રહેણાંકની જમીનનો વાણિજ્યિક (કોમર્શિયલ) ઉપયોગ થઈ રહ્યો હોવાની વારંવાર ફરિયાદો ઉઠી રહી હતી. તા. ૨૫ માર્ચથી ૧૬ જુલાઈ દરમિયાન ચલાવવામાં આવેલી ખાસ ઝુંબેશ અને કેસોની સુનાવણી દરમિયાન સામે આવ્યું કે, જિલ્લામાં આશરે ૩,૦૭,૧૫૪ ચોરસ મીટર જમીન પર કાયદાનો ઉલાળીયો કરીને પાર્ટી પ્લોટ, હોટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ઓઈલ મિલ તેમજ ધાર્મિક સ્થાનો ખડકી દેવામાં આવ્યા હતા. મહેસુલી નિયમોનો ભંગ કરીને બિનઅધિકૃત બાંધકામ કે હેતુફેર કરનારાઓ સામે કલેક્ટર તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે. રાજકોટ શહેર અને તાલુકોની વાત કરવામાં આવે તો સર્વે નં. ૧૬ અને ૧૭ની ૧૫,૫૮૭ ચો.મી. ખેતીની જમીનમાં 'તન્ના સ્પોર્ટ્સ' તરીકે વાણિજ્ય ઉપયોગ કરવા બદલ ૩૩,૧૨,૨૩૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. રાજકોટ દક્ષિણમાં ૫,૦૨૧ ચો.મી. ખેતીની જમીનનો કોમર્શિયલ ઉપયોગ કરવા બદલ ૪૮,૫૦,૭૯૦નો દંડ. જ્યારે મુંજકામાં સર્વે નં. ૪૧ પૈકી ૫ ની ૧૭,૮૦૬ ચો.મી. જમીનના વાણિજ્ય ઉપયોગ બદલ ૨૪,૭૭,૩૮૦ અને રહેણાંક જમીનનો કોમર્શિયલ ઉપયોગ કરવા બદલ અન્ય એક આસામીને ૧,૭૦,૮૪૬ નો દંડ ફટકારાયો છે. ખોખળદડમાં સર્વે નં. ૯૦/૧ ની ૪,૯૫૭ ચો.મી. જમીન પર વાણિજ્ય ઉપયોગ બદલ ૨,૭૭,૬૩૦ અને ૬,૫૧૩ ચો.મી. જમીનના ઉપયોગ બદલ ૪,૯૧,૦૧૯ નો દંડ કરાયો છે. આમ જીલ્લા કલેકટર દ્વારા રાજકોટ શહેર જીલ્લામાં ૩૦૭૧૫૪ ચો.મી. જમીનનો મહેસુલી તંત્રની હેતુફેરની પરવાનગી લીધા વગર કોમર્શીયલ ઉપયોગ કરાતા ૧૮ આસામીઓને રૂા.૨,૧૮,૧૧,૪૩૬નો દંડ કરવામાં આવેલ છે. જીલ્લામાં મહેસુલી કાયદાનો ઉલાળીયો કરી કેટલાક આસામીઓ જમીનોને હેતુફેર કરવાની મહેસુલી તંત્ર પાસેથી મંજૂરી લીધા વગર જમીનોનો કોમર્શીયલ ઉપયોગ કરી રહ્યાની વારંવાર ફરીયાદો ઉઠતી રહી છે. આવા આસામીઓ સામે કડક કાર્યવાહી કરી પગલા લેવાનું કલેકટર તંત્ર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

### ભેળસેળિયાઓ પર ફૂડ વિભાગ ત્રાટક્યું

# મહિનામાં ૧૦૯૫ સ્થળે દરોડા, ૨૬ એકમો સીલ

## ૭.૨૭ લાખનો દંડ : ખાણી-પીણીના શોખીન રાજકોટવાસીઓ માટે છ્અઈનો મોટો 'હેલ્થ ડોઝ': ભેળસેળ કરનારા સાવધાન! હવે પછી સીધા લાયસન્સ જ રદ થશે

રાજકોટ, તા. ૨૩

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરીજનોના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ અને ભેળસેળિયાઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. લોકો સુધી શુદ્ધ, સાત્વિક અને સુરક્ષિત ખાદ્યસામગ્રી પહોંચે તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં એક બૃહદ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. છેલ્લા એક જ મહિના દરમિયાન ફૂડ વિભાગની ટીમે દરોડાનું સત્ર શરૂ કરીને નિયમોનો અનાદર કરનારા અસામાજિક તત્વો અને બેદરકાર વેપારીઓમાં ભારે ફાળ પાડી દીધી છે.શહેરના અલગ-અલગ ઝોનમાં આવેલા ખાણી-પીણીના રેકડી-કેબિન, રેસ્ટોરન્ટ, ડેરી ફાર્મ, સ્વીટ માર્ટ, બેકરી તેમજ મોટા પ્રોસેસિંગ યુનિટ્સ પર ફૂડ સેફ્ટી ઓફિસર્સની ટીમો દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. માત્ર ૩૦ દિવસના ટૂંકા ગાળામાં શહેરમાં ૧૦૯૫ જેટલા જુદા જુદા સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતી ચીજવસ્તુઓ જેમ કે દૂધ અને દૂધની બનાવટો, તેલ, મસાલા, અને




મિઠાઈઓના નમૂના એકત્રિત કરીને તાત્કાલિક પૃથ્થકરણ (એનાલિસિસ) માટે સત્તાવાર લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન અનેક જગ્યાએ ખાદ્યસામગ્રી બનાવવામાં ઘોર બેદરકારી, અત્યંત અસ્વચ્છ વાતાવરણ અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એકટના નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. વારંવારની સૂચનાઓ છતાં નિયમોનું પાલન ન કરનારા અને ગંદકી વચ્ચે ખોરાક બનાવતા ૨૬ જેટલા વેપારી એકમોને સ્થળ પર જ સીલ કરી દેવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી ભેળસેળિયાઓ અને હલકી ગુણવત્તાનું વેચાણ કરતા વેપારીઓમાં ભારે ફાળ પડી ગઈ છે.

લાઈસન્સ વગર વેપાર કરતા, અસ્વચ્છતા રાખતા અને હલકી ગુણવત્તાનો માલ રાખતા વેપારીઓ પાસેથી કુલ ૭,૨૭, ૨૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. અનેક એકમોને હાઈજીન કંડિશન સુધારવા માટે કારણ દર્શક નોટિસો ફટકારવામાં આવી છે અને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો સુધારો નહીં થાય તો ભવિષ્યમાં લાઈસન્સ રદ કરવા સુધીના પગલાં લેવાશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રજાના સ્વાસ્થ્ય સાથે સમાધાન કરી નફો રળવાની પ્રવૃત્તિ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. આવનારા દિવસોમાં પણ આ ઝુંબેશ વધુ આક્રમક રીતે ચાલુ રાખવામાં આવશે. આ સાથે જ ફૂડ વિભાગે સામાન્ય જનતાને પણ અપીલ કરી છે કે જો ક્યાંય પણ ભેળસેળયુક્ત કે વાસી ખોરાકનું વેચાણ થતું જણાય તો તુરંત જ મહાનગરપાલિકાના ફૂડ વિભાગનો સંપર્ક કરવો.

### હલ્કી ગુણવત્તા અને ગંદકીનો ખેલ ખતમઃ ૨૬ ધંધાર્થીઓના ધંધા પર વાગ્યા તાળાં

**સઘન તપાસ દરમિયાન તંત્રની ટીમો જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે અનેક સ્થળોએ ભયાનક અને ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવી હતી. કેટલાક એકમોમાં અત્યંત વાસી અને દુર્ગંધ મારતો ખોરાક ગ્રાહકોને પીરસાઈ રહ્યો હતો, તો કેટલીક જગ્યાએ જંતુઓ અને ગંદકી વચ્ચે જ વાનગીઓ તૈયાર થતી હોવાનું સામે આવ્યું હતું. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટના નિયમોના ધજાગરા ઉડાડતા અને વારંવારની મૌખિક કે લેખિત સૂચના છતાં કોઈ સુધારો ન કરનારા ૨૬ જેટલા વેપારી એકમોને સ્થળ પર જ સીલ મારીને બંધ કરી દેવામાં આવ્યા છે. આ કડક પગલાને કારણે નિયમોની એસીતૈસી કરીને ધંધો કરતા અન્ય વેપારીઓમાં પણ ભારે ફફડાટ વ્યાપી ગયો છે.**

માત્ર ૩૦ દિવસના ટૂંકા ગાળામાં શહેરમાં આવેલી નાની-મોટી રેકડીઓ, પાનના ગલ્લા, ચા-નાસ્તાના પાર્લર, ડેરી ફાર્મ, મિઠાઈની દુકાનો, બેકરીઓથી લઈને નામચીન રેસ્ટોરન્ટ્સ અને ખાદ્યપદાર્થ બનાવતા મોટા પ્રોસેસિંગ યુનિટ્સ સહિત કુલ ૧૦૯૫ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરાયું હતું. આ દરોડા દરમિયાન માત્ર મોજણી જ નહીં, પરંતુ ગુણવત્તા અંગે શંકા જણાતાં દૂધ, ઘી, માવો, ખાદ્ય તેલ, મસાલા, અને બેકરી આઈટમોના શંકાસ્પદ સેમ્પલો તાત્કાલિક એકત્રિત કરીને પૃથ્થકરણ અર્થે સ્ટેટ ફૂડ લેબોરેટરીમાં રવાના કરી દેવાયા છે. જેનો રિપોર્ટ આવ્યા બાદ ગુનાહિત ભેળસેળ કરનારાઓ સામે કોર્ટ કાર્યવાહી પણ થઈ શકે છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# બાળકોને બચાવજો

## ચાંદીપુરાની એન્ટ્રી સામે તંત્રની વિશેષ તૈયારી નથી, સજાગ રહેજો



રાજકોટ પંથકમાં ચાંદીપુરા વાયરસનો પોઝિટિવ કેસ સામે આવતા જ સમગ્ર શહેરમાં ફફડાટ વ્યાપી ગયો છે. ૧૪ વર્ષ સુધીના નિર્દોષ બાળકોને પોતાના પંજામાં લેતો આ વાયરસ અત્યંત ઘાતક અને જીવલેણ છે. ચોમાસાના ભેજવાળા વાતાવરણમાં વાયરસ ફેલાવતા કીટકોનો ઉપદ્રવ ચિંતાજનક રીતે વધે છે. આવા ભયાનક સમયે પ્રજાના આરોગ્યની રક્ષા માટે સરકારી અને મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રએ યુદ્ધના ધોરણે મેદાનમાં ઉતરવું જોઈતું હતું. પરંતુ અફસોસની વાત એ છે કે, લાપરવાહ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સોડ તાણીને સૂતું હોય તેમ લાગે છે.

મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગ માત્ર કાગળ પર યોજનાઓ બનાવીને સંતોષ માની રહ્યા છે. શહેરમાં સોસાયટીઓ, ઝૂંપડપટ્ટીઓ અને કાચા મકાનોની આસપાસ સેન્ડફ્લાય-માખી તથા મચ્છરોનો ભારે ઉપદ્રવ છે. તેમ છતાં, જંતુનાશક દવાઓનો છંટકાવ કે યોગ્ય ફોગિંગની કામગીરી ક્યાંય નજરે પડતી નથી.

દર વખતે કોઈ ગંભીર હોનારત સર્જાય કે નિર્દોષનો જીવ જાય, પછી જ સરકારી બાબુઓની આંખ ઉઘડે છે. વાયરસના કેસ નોંધાયા પછી પણ તંત્રનું આવું ઠંડુ અને બિનજવાબદાર વલણ અત્યંત શરમજનક અને નિંદનીય છે.

ચાંદીપુરા વાયરસ બાળકોના મગજ પર સીધો હુમલો કરે છે. એકાએક તીવ્ર તાવ આવવો, સતત ઉલટી થવી, માથામાં અસહ્ય દુખાવો થવો, સુસ્તી આવવી કે બાળકને આંચકી આવવી જેવા લક્ષણો દેખાતા જ સ્થિતિ ગંભીર બની જાય છે.

જો સમયસર સારવાર ન મળે તો બાળક ક્ષણભરમાં જિંદગીની જંગ હારી જાય છે. હવે તંત્રના ભરોસે બેસી રહેવું એટલે બાળકોના જીવને જોખમમાં મૂકવા બરાબર છે. વાલીઓએ જાતે જ જાગૃત થઈને પોતાના વહાલસોયા બાળકોની રક્ષા કરવી પડશે. બાળકોને આખા શરીરને ઢાંકે તેવા કપડાં પહેરાવો અને રાત્રે મચ્છરદાનીનો આગ્રહ રાખો. ઘરની અંદર કે આસપાસ પાણી જમા ન થવા દો અને સ્વચ્છતા જાળવો. જો બાળકમાં તાવ કે ઉલટી જેવા લક્ષણો દેખાય, તો સમય બગાડ્યા વગર તુરંત તબીબી સારવાર શરૂ કરાવો. સજાગતા જ આપણા બાળકોનું રક્ષણ કરશે. તંત્ર પાસે વધારે આશા રાખવા જેવી નથી.

# સંસદમાં વિરોધ v/s વિરોધ

## વિપક્ષ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર આગ્રહ રાખે છે, સરકારે ચર્ચાને પડકારી

રાજકોટ, તા. ૨૩

સંસદમાં ચોમાસા સત્રના ચોથા દિવસે ભારે હોબાળો જોવા મળ્યો. સત્ર શરૂ થાય તે પહેલાં બંને ગૃહોને મુલતવી રાખવામાં આવ્યા. વિપક્ષ પેપર લીક અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર ચર્ચાની માંગણી કરતો રહ્યો. સરકારનું કહેવું છે કે તે પેપર લીક પર ચર્ચા કરવા તૈયાર છે,

પરંતુ વિપક્ષ તેમાં અવરોધ ઉભો કરી રહ્યું છે અને તેની ચર્ચા કરવા માંગતું નથી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે પેપર લીકનું રાજકારણ ન થવું જોઈએ. વિપક્ષે કોઈપણ શરત વિના ગૃહમાં ચર્ચા માટે આવવું જોઈએ. વિપક્ષનો વિરોધ યોગ્ય નથી. સરકાર દરેક મુદ્દા પર વિપક્ષ સાથે કામ કરવા તૈયાર છે.

રિજિજુએ કહ્યું કે પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યું છે કે યુવાનો માટે કડક પગલાં લેવામાં આવશે. અમે બધું બંધ કરી દીધું અને ચર્ચા માટે સંમત થયા. પરંતુ આજે વિપક્ષ ફરીથી ગૃહમાં ચર્ચાથી ભાગી ગયો. યુવાનો અને વિદ્યાર્થીઓ માટે સાથે મળીને કામ કરવાનો આ સમય છે. રાજીનામાની શરત મૂકવાથી ખબર પડે છે કે વિપક્ષનો આ બાબતે ચર્ચા



કરવાનો કોઈ ઈરાદો નથી. જો ચર્ચા થશે તો તેઓ ખુલ્લા પડી જશે. દરમિયાન, ભાજપના રાજ્યસભાના સાંસદ નીતિન નબીને કહ્યું કે સરકાર ચર્ચા માટે તૈયાર છે. વિપક્ષને ખુલ્લેઆમ પડકાર ફેંકવામાં આવે છે કે તેઓ સંસદમાં આવીને આ બાબતે ચર્ચા કરે. અમે દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છીએ. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જવાબ આપ્યો, ‘‘પહેલા ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ, અને અમે ચર્ચા માટે તૈયાર છીએ.’’ આ પછી, ગૃહને થોડા સમય માટે મુલતવી રાખવામાં આવ્યું. સત્ર શરૂ થાય તે પહેલાં, સરકાર અને વિપક્ષ બંનેના સાંસદોએ સંસદના મકર દ્વાર (નીચલા દરવાજા) પર ભારે વિરોધ પ્રદર્શન કર્યું, સૂત્રોચ્ચાર કર્યા. પીએમ મોદીએ ગુરુવારે પેપર લીક અંગે એક મોટી જાહેરાત કરી. તેમણે ફાસ્ટ-ટ્રેક કોર્ટની રચનાની જાહેરાત કરી. ચોમાસા સત્રના ચોથા દિવસે, પેપર લીક પર સંસદમાં ભારે હોબાળો જોવા મળ્યો. વિપક્ષ શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને ચર્ચાની માંગણી પર અડગ રહ્યો. સરકારે કહ્યું કે તે ચર્ચા માટે તૈયાર છે, પરંતુ વિપક્ષ અવરોધો ઉભા કરી રહ્યો હતો. અગાઉ, સરકાર અને વિપક્ષ બંનેના સાંસદોએ સંસદના મકર દ્વાર (નીચલા દરવાજા) પર ભારે વિરોધ પ્રદર્શન કર્યું.

# માત્ર ૧૪-૧૬ દિવસમાં નિર્ણય

## ભારતમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ પેપર લીક કેસની સુનાવણી કરશે?

નવીદિલ્હી, તા. ૨૩

દેશમાં જઘન્ય ગુનાઓ પછી ફાસ્ટ ટ્રેક કોર્ટનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. પીડિત પરિવારોની ઘણી માંગણીઓમાં ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ટ્રાયલનો સમાવેશ થાય છે. આ ખૂબ જ ફાસ્ટ ટ્રેક કોર્ટ હવે ફરી એકવાર સમાચારમાં છે. હકીકતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર લીક કેસ અંગે એક મોટી જાહેરાત કરી છે. તેમણે તેમના ડ એકાઉન્ટ પર ટ્વિટ કર્યું હતું કે પેપર લીકમાં સામેલ લોકોને સૌથી કડક સજા આપવામાં આવશે. આ કેસોની સુનાવણી માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે. ફાસ્ટ ટ્રેક કોર્ટનો અર્થ એવી અદાલતો છે જે શક્ય તેટલા ઓછા સમયમાં સુનાવણી કરે છે અને ચુકાદો આપે છે. ૧૧મા નાણા પંચની ભલામણોના ભાગ રૂપે, આ પ્રકારની કોર્ટની સ્થાપના સૌપ્રથમ ૨૦૦૦ માં કરવામાં આવી હતી. તેનો હેતુ જિલ્લા અને ગૌણ અદાલતોમાં લાંબા સમયથી પડતર કેસ અને મુકદ્દમાઓનો ઝડપી નિકાલ કરવાનો હતો. આ યોજના હેઠળ, આ કોર્ટ ૨૦૧૧ સુધી કાર્યરત હતી, જ્યારે તે બંધ કરવામાં આવી હતી.

દિલ્હીમાં જઘન્ય નિર્ભયા કેસ પછી ફરીથી ફાસ્ટ ટ્રેક કોર્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તે સમયે, દિલ્હી હાઈકોર્ટે શરૂઆતમાં બળાત્કાર અને જાતીય હુમલાના કેસોની ઝડપી ટ્રાયલ માટે પાંચ ફાસ્ટ ટ્રેક કોર્ટને મંજૂરી આપી હતી. બાદમાં આ સંખ્યા વધારીને છ કરવામાં આવી હતી. આ ખાસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાંથી પહેલી ૨ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ દક્ષિણ દિલ્હીના સાકેત કોર્ટ સંકુલમાં સ્થાપિત કરવામાં આવી હતી. નિર્ભયા કેસ આ કોર્ટમાં ઉદ્ભવ્યો હતો. જોકે, તે દરમિયાન, ઘણા રાજ્યોએ પોતાના સંસાધનોનો ઉપયોગ કરીને જઘન્ય ગુનાઓ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ ચલાવવાનું ચાલુ રાખ્યું.

૨૦૧૮ માં, કેન્દ્ર સરકારની નિર્ભયા ફંડ સમિતિએ દેશભરમાં ૧,૦૨૩ ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ સ્થાપવાના પ્રસ્તાવને મંજૂરી આપી. કેન્દ્ર




Photo: AI

સરકારે ઓક્ટોબર ૨૦૧૯ માં ફોજદારી કાયદો (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ અને સુપ્રીમ કોર્ટના નિર્દેશોને અનુસરીને ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (ૠઝજી) યોજના હેઠળ આ યોજના લાગુ કરી. આ યોજનાનો ઉદ્દેશ્ય બળાત્કાર અને ઙ્ઘઈજ્ઞ એક્ટના બાકી રહેલા કેસોના નિકાલને ઝડપી બનાવવા અને જઘન્ય ગુનાઓમાં ઝડપી ચુકાદા આપવાનો છે. કેન્દ્ર સરકારે ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ (ૠઝજી) યોજના માટે ₹૧,૯૫૨.૨૩ કરોડનું બજેટ પણ ફાળવ્યું છે. આમાંથી, ₹૧,૨૦૭.૨૪ કરોડ કેન્દ્ર સરકાર દ્વારા નિભયા ફંડ હેઠળ પૂરા પાડવામાં આવી રહ્યા છે. બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે. આજ સુધીમાં, કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ₹૧,૦૩૪.૫૫ કરોડ આપ્યા છે. મધ્યપ્રદેશમાં ૬૭ ફાસ્ટ ટ્રેક કોર્ટ છે અને કેરળમાં ૫૫.

૨૦૨૫ના ચોમાસા સત્ર દરમિયાન એક પ્રશ્નના જવાબમાં, કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં, દેશભરના ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૭૨૫ ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટની સ્થાપના કરવામાં આવી છે. આમાં ૩૯૨ એક્સક્લુઝિવ ઙ્ઘઈજ્ઞ કોર્ટનો સમાવેશ થાય છે. એક્સક્લુઝિવ ઙ્ઘઈજ્ઞ કોર્ટ એ ફાસ્ટ ટ્રેક કોર્ટ છે જે બાળકો સામેના જાતીય ગુનાઓ સાથે સંકળાયેલા કેસોની ઝડપી સુનાવણી માટે સ્થાપિત કરવામાં આવે છે. આજ સુધીમાં, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ૩૩૪,૨૧૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

સરકારે જણાવ્યું હતું કે સામાન્ય કોર્ટમાં બળાત્કાર અને ઙ્ઘઈજ્ઞ કેસોનો સરેરાશ નિકાલ દર દર મહિને ૩.૨૬ કેસ છે. ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટમાં, દર મહિને સરેરાશ ૯.૫૧ કેસ છે. આનો અર્થ એ છે કે આ કોર્ટમાં કેસોનો નિકાલ નિયમિત કોર્ટ કરતાં લગભગ ત્રણ ગણો ઝડપી થઈ રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨૧૮ ફાસ્ટ ટ્રેક કોર્ટ છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### દેવશયની એકાદશી અને ચાતુર્માસ પ્રારંભ એટલે ક્ષીરસાગરમાં ભગવાનનાં આરામનું ફરમાન!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આવતી કાલે તા ૨૫/૭ એ અષાઢ સુદ અગિયારસ, એટલે કે દેવ શયની એકાદશી છે, જેને પદ્મા એકાદશી પણ કહેવામાં આવે છે. શયન કે પોઢવુ એટલે કે સૂઈ જવું ! સામાન્ય રીતે આંખો દિવસ શ્રમ કરીને માનવીની ઈન્દ્રિયોને આરામની જરૂર પડે! અને એને ચોવીસ કલાક માંથી એકંદરે આઠ કલાક નિંદ્રાની જરૂર પડે છે! જેમ હવા પાણી અને આહાર એ માનવીની પ્રાથમિક જરૂરિયાત છે, એવી જ રીતે નિંદ્રા પણ જરૂરી છે. તો શું માનવી જેમ ભગવાનને પણ આરામની જરૂર પડે, કે પછી એની પાછળ કોઈ પૌરાણિક મહાત્મ્ય જોડાયેલ છે? આ એકાદશીની પૌરાણિક કથા શું છે? પુરાણોમાં સૌથી ઉત્તમ વ્રત તરીકે એકાદશીને ગણવામાં આવ્યું છે! અને સીધાસાદા આ વ્રતનું ફળ ‘‘વૈકુંઠના વાસી‘‘ એટલે કે જીવ ઈશ્વર ચરણે નિત્ય નિવાસ કરે છે!

અષાઢની આ અગિયારસથી ચાતુર્માસનો પ્રારંભ થશે, અને એક માન્યતા અનુસાર ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં આરામ ફરમાવે છે! અથવા તો યોગ નિંદ્રામાં રહે છે, અને સમગ્ર સૃષ્ટિનું સંચાલન અન્ય દેવોને સોંપી જાય છે, અને તેથી આ સમય ગાળો ભક્તિ માટે શ્રેષ્ઠ ગણાય છે, જેમાં તપ, જપ, દાન અને સ્વાધ્યાય કરવાનું ફળ હજારો ગણું વધી જાય છે. તેમજ સર્વ દેવોની આરાધના કરવાનું પુણ્ય એકસાથે મળે છે. આ સમય પાપોનો નાશ કરનાર, સુખ-સમૃદ્ધિ આપનાર અને મોક્ષ પ્રદાન કરનાર માનવામાં આવે છે.

પૌરાણિક કથા મુજબ ભગવાન શ્રી કૃષ્ણે યુધિષ્ઠિરને દેવશયની એકાદશીનું મહાત્મ્ય સમજાવતા કથા વર્ણવી હતી કે, સૂર્યવંશમાં માંધાતા નામનો એક પ્રતાપી રાજા હતો. તે પોતાની પ્રજાનું સંતાનની જેમ પાલન કરતો હતો. એકવાર તેના રાજ્યમાં સતત ત્રણ વર્ષ સુધી વરસાદ પડ્યો નહીં, જેથી ભયંકર દુષ્કાળ પડ્યો. પ્રજા ભૂખમરાથી પીડાવા લાગી અને દુઃખી થવા લાગી. રાજાએ આ સમસ્યાના નિવારણ માટે ઘણા યજ્ઞ અને દાન-પુણ્ય કર્યા, પણ વરસાદ ન આવ્યો.આખરે મુશ્કેલીમાં મુકાયેલા રાજા અગિરા ઋષિના આશ્રમે પહોંચ્યા. ઋષિએ રાજાને આ દુષ્કાળમાંથી મુક્તિ મેળવવા માટે અષાઢ શુક્લ પક્ષની એકાદશી એટલે કે દેવશયની એકાદશીનું વિધિપૂર્વક વ્રત કરવાનું સૂચન કર્યું. ઋષિના આદેશ અનુસાર રાજાએ રાજ્યનાં તમામ લોકો સાથે આ એકાદશીનું વ્રત કર્યું. વ્રતના પ્રભાવથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા અને રાજ્યમાં પુષ્કળ વરસાદ વરસ્યો. ધરતી ફરી લીલીછમ બની અને પ્રજા ફરીથી સુખી થઈ. ચાતુર્માસની શરૂઆત આ એકાદશીથી દેવપોઢી જાય છે, તેથી તમામ શુભ કાર્યો જેમ કે લગ્ન, ગૃહપ્રવેશ ચાર મહિના માટે બંધ રહે છે.

બીજી એક કથા મુજબ બલિરાજા અત્યંત દાનવીર, સત્યનિષ્ઠ અને ભગવાનના પરમ ભક્ત હતા.ભગવાન વિષ્ણુએ વામન અવતાર ધારણ કરીને બલિ પાસે ત્રણ પગલાં જેટલી જમીન માંગી. બે પગલાંમાં ભગવાને સમગ્ર પૃથ્વી અને સ્વર્ગ માપી લીધા. ત્રીજું પગલું મૂકવા માટે જગ્યા ન હોવાથી બલિએ પોતાનું મસ્તક અર્પણ કર્યું.ભગવાન તેની ભક્તિ, સત્યનિષ્ઠા અને સમર્પણથી પ્રસન્ન થયાં, અને તેમને સુતલ લોકનું રાજ્ય આપ્યું. ત્યાર બાદ બલિએ ભગવાન પાસે એક વરદાન માંગ્યું કેઃ‘‘હે પ્રભુ! તમે સદાય મારા નજીક રહો.‘‘ભગવાને આ વચન સ્વીકાર્યું અને તેથી એવી માન્યતા છે કે આષાઢ શુક્લ એકાદશી એટલે કે દેવશયની એકાદશીથી કાર્તિક શુક્લ એકાદશી એટલે કે દેવઉઠી એકાદશી સુધીના ચાતુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુ બલીરાજાના દ્વારે રહે છે.

હજી પણ એક નાનકડી કથા છે કે જેમાં યોગ નિંદ્રા વિષ્ણુની પરમ ભક્ત હતી, અને તે ભગવાન વિષ્ણુનાં ચરણોમાં નિત્ય નિવાસ કરવા માંગતી હતી, અને એટલે એને કઠોર તપસ્યા કરી. પહેલાંના કાળમાં આ રીતે ઈશ્વરની તપસ્યા કરી તેને પ્રસન્ન કરવામાં આવતાં, અને ભક્ત તેનાં દ્વારા વરદાન પ્રાપ્ત કરતાં. ભગવાન વિષ્ણુ પણ યોગ નિંદ્રાની તપશ્ચર્યાથી પ્રસન્ન થયાં, અને તેને વરદાન માંગવા કહ્યું, યોગ નિંદ્રાએ ઈશ્વર સાથે નિત્ય નિવાસની ઈચ્છા વ્યક્ત કરી. સ્વયં ભગવાન વિષ્ણુની ઉત્પત્તિ લક્ષ્મીજીથી છે, અને પાછું આંખી સૃષ્ટિના પાલનપોષણની જવાબદારી પણ તેમનાં ભાગે છે, એટલે યોગ નિંદ્રામાં લીન કંઈ રીતે રહી શકે, પણ પછી ભગવાને એને ચાતુર્માસ સમયે પોતાની આંખમાં રહેવાની છૂટ આપી અને એટલે અત્યારે ભગવાન વિષ્ણુ શૈષ શૈયા પર આરામ કરવા ચાલ્યા જાય છે.

આ બધી તો શાસ્ત્રોક્ત વાતો છે, પણ ભગવાનનાં શયન વિશે વિચારતાં પણ અજીબ લાગે કે, ક્ષીર સાગરમાં અને એ પણ શેષનાગની શૈયા પર આરામ કંઈ રીતે ? એક તો બ્રહ્માંડમાં તરતો ગ્રહ પૃથ્વી, અને એ પૃથ્વી પણ પાછી શેષ નારાયણની ફણા પર ટકેલી, એટલે કેટલું સ્પંદન! એમાં આરામ ક્યાંથી? પણ આ વાત તો ભગવાનને જે બહાર શોધે છે કે જુવે છે એની છે. આપણે તો અંતર આત્મામાં જ ભગવાન અનુભવવાનો છે, અને એ ભગવાન ક્યાંય જતો નથી. ભક્તનાં અંતરમાં હરઘડી બદલાતાં ભાવનાનાં સમુદ્રમાં તે હિલોળા લેતો હોય છે. આપણે ત્યાં લક્ષ્મણને શેષનાગનાં અવતાર કહેવાયા છે, અને લક્ષ્મણ જેવી જાગૃતિ કોઈની નથી, એટલે જાગૃતિરૂપી શેષનાગ હોય ત્યાં જ ભગવાન એકધારુ ચાતુર્માસ સુધી રહે છે, એવું કંઈક વિચારી શકાય. પણ આ જાગૃતિ આવે ક્યાંથી? સદગુરુ કૃપા હી કેવલમ! હા કેવળ અને કેવળ સદગુરુ સાધકને જાગૃતિનું મૂલ્ય સમજાવી શકે, જાગૃતિ ન રાખવાનાં પરિણામથી આગાહ કરી શકે, અને એ કંઈ એટલું અઘરું પણ નથી! એ આચરણ કરીને શીખવી શકે. ૠતુ પણ રંગ બદલતી હોય,અને એ મુજબ ભાવ બદલતા હોય, ત્યારે આ બધું સંસારી તરીકે વિચારતા અશક્ય લાગે, અને આપણે સંન્યાસી તો થઈ શકવાનાં નથી! તો પછી એવું શું કરવું! પ્રાકૃતિક રીતે બદલાતી ૠતુ તો હજી બેલેન્સ થાય. પરંતુ વહેવારો અને સંબંધોને કારણે સુખ દુઃખરૂપી જે ૠતુ આવે છે, એમાં બેલેન્સ કરવું અઘરું પડે છે. બદલાતાં આ મનોભાવને સ્થિર કરવાં માટેનો એકમાત્ર ઉપાય છે, સારુ ખરાબ અહીં કોઈ પોતાની ઈચ્છાથી વર્તી શકતું નથી, બધું જ ઈશ્વર આધીન છે. જીવ અને એમાં પણ સંસારી એટલે ક્યારેક કોઈનાં વ્યવહારથી દુઃખી થઈ જવાય ત્યારે, સદગુરુ ચરણે જવાબ માંગતા,‘‘ ના સુખ! ના દુખ! કોઈથી હો, એવા ઊંચા વચનો સદગુરુએ ભાખ્યાં. સંબંધોનાં વ્યવહારમાં મનદુઃખ થાય ત્યારે, આવું વિચારીને જતું કરી શકાય, માફ કરી શકાય! અને એ રીતે મનોભાવ સ્થિર રાખી શકાય.પણ આ બધું પળપળની જાગૃતિ હોય તો જ શક્ય બને. ભગવાન જેમ નજરમાં યોગનિંદ્રા તો છે નહીં! આપણે તો રહ્યા ભોગનિંદ્રા કે મોહનિંદ્રાનાં ઉપાસક ! અહી હરઘડી હું પણાનો સર્પ ફૂફાડો મારે, જે અહંકારની બાબતમાં રાવણને પણ પાછળ છોડી દે. પણ માનવી પોતાની રીતે જાગૃત નહીં રહી શકે, એવું સ્વયં ભગવાનને પણ લાગ્યું હશે, એટલે આ ચાતુર્માસ સંયમ નિયમ મુજબ વિતે એ માટે સૌથી વધુ વ્રત આપી ધાર્મિક મહાત્મય બતાવાયું છે.તો આંતર બાહ્ય રીતે ભગવાનનું શયન અને ચાતુર્માસનું આધ્યાત્મિક મહત્વને સમજી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.


લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# મતદાન અત્યારે થાઇ તો ટ્રમ્પ યુએસ ચૂંટણી હારે

## મતદાનમાં ટ્રમ્પની નોકરીની મંજૂરી રેટિંગમાં ઘટાડો થયો

નવીદિલ્હી, તા. ૨૩

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન આ વર્ષે નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓમાં યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની ૧૦૦ માંથી ૩૫ બેઠકોનો સમાવેશ થશે. ફોક્સ ન્યૂઝના એક મતદાનમાં હવે આ મુદ્દો પ્રકાશિત થયો છે, જે ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના રિપબ્લિકન સાથીઓ માટે મોટો ફટકો છે. મતદાન મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રદર્શન માટે મંજૂરી રેટિંગ રેકોર્ડ નીચા સ્તરે છે. મોટાભાગના લોકો ડેમોક્રેટ્સને મત આપવા માટે ઉત્સાહિત છે. રિપબ્લિકન સમર્થકો પણ નબળી અર્થવ્યવસ્થાની જાણ કરી રહ્યા છે. મતદાનમાં ૧૦ માંથી ચાર મતદારો પરિવર્તનની હાકલ કરી રહ્યા છે. વધુ લોકો રિપબ્લિકન પાર્ટીને ડેમોક્રેટિક પાર્ટી કરતાં ધનિકો અને શક્તિશાળી લોકો સાથે વધુ સંકલિત માને છે.



મતદાનમાં મોટાભાગના મતદારો માને છે કે ડેમોક્રેટ્સ આવક અસમાનતા, આરોગ્યસંભાળ, ફુગાવો, અર્થતંત્ર અને વિદેશ નીતિ જેવા મુદ્દાઓને વધુ સારી રીતે સંબોધિત કરી શકે છે. રિપબ્લિકન્સ ગુનામાં આગળ છે. જો કે, સરકારી ખર્ચ અને રાષ્ટ્રીય સુરક્ષા જેવા મુદ્દાઓ પર બંને પક્ષો એકબીજાની સામે છે. એપ્રિલ ફોક્સ ન્યૂઝના મતદાનમાં ટ્રમ્પ વહીવટીતંત્રને ઇમિગ્રેશન પર ૮-પોઇન્ટની લીડ હતી. હવે, ડેમોક્રેટ્સ અહીં પણ તેમને એક પોઇન્ટથી પાછળ છોડી દીધા છે. આ મતદાન દર્શાવે છે કે નવેમ્બરની મધ્યવર્તી ચૂંટણીમાં ડેમોક્રેટ્સને મતદાન કરવા માટે ૬૮ ટકા લોકો ઉત્સાહિત છે. દરમિયાન, રિપબ્લિકન ૫૭ ટકા છે, જે ડેમોક્રેટ્સ કરતા ૧૧ પોઇન્ટ ઓછા છે. ખઅૠઅ રિપબ્લિકનમાં મતદાનનો ઉત્સાહ ૨૫ પોઇન્ટ વધારે છે, જેમાં ૬૬% મતદારો નોન-ખઅૠઅ રિપબ્લિકન છે, જ્યારે ૪૧% મતદારો નોન-ખઅૠઅ રિપબ્લિકન છે. નોન-ખઅૠઅ રિપબ્લિકન એવા છે જેઓ રિપબ્લિકન પાર્ટીને ટેકો આપે છે પરંતુ ટ્રમ્પના મેક અમેરિકા ગ્રેટ અગેઇન (ખઅૠઅ) ચળવળ અથવા તેની કટ્ટરપંથી નીતિઓને ટેકો આપતા નથી.

મતદાન મુજબ, જો આજે ચૂંટણીઓ યોજાય, તો ૫૩% મતદારો તેમના હાઉસ ડિસ્ટ્રિક્ટમાં ડેમોક્રેટિક ઉમેદવારને ટેકો આપશે, અને ૪૬% રિપબ્લિકન ઉમેદવારને ટેકો આપશે. આ ૭-પોઇન્ટ લીડ મતદાનના ભૂલના માર્જિનથી થોડી ઉપર છે. એપ્રિલમાં ડેમોક્રેટ્સ પણ ૫ પોઇન્ટથી આગળ હતા. ૧૯૯૬ પછી ફોક્સ ન્યૂઝ મતદાનમાં હાઉસ બેલેટ પર કોઈપણ પક્ષને મળેલો આ સૌથી વધુ ટેકો છે. ૨૦૨૪ ની યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જ્યાં ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન વચ્ચે ગાઢ સ્પર્ધા થવાની ધારણા છે, ત્યાં ડેમોક્રેટિક ઉમેદવાર હવે ૫૯-૪૧% થી આગળ છે. ટ્રમ્પના ઓછા મંજૂરી રેટિંગ અને સતત આર્થિક નિરાશા વચ્ચે ડેમોક્રેટ્સ માટે આ ફાયદો થયો છે. ટ્રમ્પનું નોકરી માટે મંજૂરી રેટિંગ, ૩૯% પર, સતત ત્રીજા મહિને સમાન રહ્યું છે અને ઓક્ટોબર ૨૦૧૭ માં તેના સૌથી નીચા સ્તર ૩૮% કરતા એક પોઇન્ટ વધારે છે. ટ્રમ્પનું મંજૂરી રેટિંગ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના બીજા કાર્યકાળ દરમિયાન તે જ સમયે ૪૨% રેટિંગ કરતા થોડું ઓછું છે.

## મહિલા તબિબને સાયબર ગઠીયાઓએ એવા ડરાવ્યા કે તેમણે શેર-મ્યુચ્યુલમાં રોકેલા નાણા ઉપાડીને આપી દીધા

# મની લોન્ડરીંગનો આરોપ મુકી ૧૩ લાખ ઉસેડ્યા

### અયોધ્યા ચોકમાં રહેતાં તબિબને ટ્રાઇ, મુંબઇ ક્રાઇમ બ્રાંચના નામે વિડીયો કોલ કરી સતત ડરાવ્યાઃ એક શખ્સ પકડાયો છે તે મહિને ચાર લાખ કમાય છે તેવુ કહી એ કહેવાતા શખ્સ સાથે પણ વાત કરાવીઃ સાયબર ક્રાઇમ ઇન્સ. બી. બી. જાડેજાએ તપાસ શરૂ કરી

રાજકોટ,તા.૨૩

સાયબર ગઠીયાઓ ગમે ત્યારે ગમે તેને શિકાર બનાવી લાખો કરોડો ઉસેડી રહ્યા છે. વધુ એક આવો કિસ્સો રાજકોટ શહેરમાં સામે આવ્યો છે જેમાં એક મહિલા તબિબને ડિજીટલ એરેસ્ટ કરીને સાયબર ગઠીયાઓએ બાર લાખ નેવુ હજાર પડાવી લીધા હતાં. ટ્રાઇના નામે શરૂઆતમાં ગઠીયાએ ફોન કરી તમારા આધારકાર્ડ ઉપરથી સીમકાર્ડ લેવાયુ છે અને તેનો ઉપયોગ કરી મની લોન્ડરીંગ આચરાયું છે. આ કૌભાંડમાં જે શખ્સ પકડાયો છે તેને મહિને ચાર લાખ મળે છે, તમે પણ આમાં સામેલ છો, તમને પણ મની લોન્ડરીંગના પૈસા મળે છે તેમ કહી ડરાવી ડીજીટલ એરેસ્ટની ધમકી આપી આ નાણા પડાવી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સાયબર ફ્રોડ તેમજ ડિજીટલ એરેસ્ટના કિસ્સાઓ સતત વધી ગયા છે. દરમિયાન અયોધ્યા ચોક નજીક અયોધ્યા રેસિડેન્સીમાં રહેતાં અને કેવડા વાડી મેઇન રોડ પર આવકાર એપાર્ટમેન્ટ પાસે હોમિયોપેથી ક્લિનિક ચલાવતા ૫૨ વર્ષીય મહિલા તબિબ સાયબર માફિયાઓની જાળમાં ફસાઈ ગયા હતાં. ગઠિયાઓએ મની લોન્ડરિંગ, બોગસ બેંક એકાઉન્ટ અને હાઈકોર્ટના ઓર્ડરના નામે ડરાવી-ધમકાવીને તેમની પાસેથી ૧૨,૯૦,૦૦૦ની મસમોટી રકમ પડાવી લીધી હતી.

આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે ૧૫૦ ફુટ રીંગ રોડ પર અયોધ્યા ચોકમાં આવેલી અયોધ્યા રેસીડેન્સી એ-૧૭ ખાતે રહેતાં ડો. રશ્મીબેન હેતલકુમાર શુક્લા કે જેઓ બાવન વર્ષના છે તેમની ફરિયાદ પરથી અલગ અલગ બે મોબાઇલ નંબરના ધારકો અને એસબીઆઇ તથા ઇન્ડસઇન્ડ બેંકના બે ખાતેદારો વિરૂધ્ધ ઠગાઇનો ગુનો નોંધ્યો હતો. ડો. રશ્મીબેન શુક્લા પરિવાર સાથે રહે છે અને કેવડાવાડી મેઇન રોડ પલંગ ચોક પાસે હોમીયોપેથી ક્લીનીક ચલાવે છે.

તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે ગત માર્ચ મહિનામાં તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સામેથી વાત કરનાર વ્યક્તિએ પોતાનું નામ અનુજ અગ્રવાલ હોવાનું કહી પોતે ટ્રાઇ એટલે કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સીનિયર એડવાઇઝરી ઓફિસર છે તેવી ઓળખ આપી હતી.

તેણે હિન્દીમાં વાત કરતા જણાવ્યું હતું કે તમારા આધાર કાર્ડનો ઉપયોગ કરીને મુંબઈના ચેમ્બુર ખાતેથી એરટેલ કંપનીનું બોગસ સિમ કાર્ડ કઢાવવામાં આવ્યું છે. આ નંબર પરથી અનેક છેતરપિંડી થઈ હોવાથી તના વિરૂધ્ધ મુંબઇ ચેમ્બુર સીબીઆઇને કમ્પલેઇન મળી છે, જેથી મુંબઇ ક્રાઇમ બ્રાંચ ખાતે એફઆઇઆર નોંધાયેલી છે અને આ કેસ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચમાં ફોરવર્ડ કરવામાં આવી રહ્યો છે. ત્યારબાદ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના નામે દેવી સિંઘ અને વિજય ખન્ના નામના ગઠિયાઓએ વોટ્સએપ પર વિડિયો કોલ કરીને



ડોક્ટરને માનસિક રીતે ડરાવી દીધા હતા. વિડિયો કોલમાં પાછળ મુંબઈ ક્રાઇમ બ્રાન્ચનો સત્તાવાર લોગો બતાવી વિશ્વાસ સંપાદિત કરવામાં આવ્યો હતો. ઠગોએ આરોપ લગાવ્યો હતો કે ડોક્ટરના આધાર કાર્ડ પર કેનરા બેંકમાં બોગસ ખાતું ખોલાવાયું છે.

તમારા નામે કઢાવેલા સીમ કાર્ડનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો છે. આ ઉપરાંત મની લોન્ડરિંગ કેસમાં પકડાયેલા હાઈપ્રોફાઇલ આરોપી નરેશ ગોયલના ઘરેથી ડોક્ટરના નામનું એટીએમ કાર્ડ મળી આવ્યું છે અને તેમાંથી ડોક્ટરને દર મહિને ૪ લાખ કમિશન મળતું હોવાનો ે દાવો કરીને જેલ ભેગા કરવાની ધમકી આપવામાં આવી હતી. આ રીતે ડોક્ટરને ગભરાવી દીધા બાદ ગઠિયાઓએ પોતાને સમાધાન પવારસાહેબ તરીકે ઓળખાવતા વ્યક્તિ સાથે વાત કરાવી હતી. તેણે ગુજરાત હાઇકોર્ટ દ્વારા બેંક એકાઉન્ટ અને મિલકતોના ક્રોસ વેરિફિકેશન માટેનો ઓર્ડર આપવામાં આવ્યો હોવાનું બહાનુ બતાવ્યું હતું.

પછી કહ્યું હતું કે જો વેરિફિકેશનમાં ક્લીન ચિટ મળશે તો પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ આપીને ૨૪ કલાકમાં તમામ નાણાં પરત કરી દેશે તેવી ખાતરી આપી હતી.

આથી ડરી ગયેલા ડોક્ટરે તેમના મ્યુચ્યુઅલ ફંડ અને સ્ટોક માર્કેટના રોકાણની વિગતો આપ્યા બાદ, ઠગોના કહ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને ઇન્ડસઇન્ડ બેંકના ખાતાઓમાં અલગ-અલગ તારીખે કુલ ૧૨,૯૦,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા. માતબર રકમ મેળવી લીધા પછી પણ સાયબર ગઠીયાઓએ વધુ નાણાં હડપવા માટે ડોક્ટરને તેમના નામે રહેલા મ્યુચ્યુઅલ ફંડની બાકીની રકમ પણ વિડ્રો કરીને વેરિફિકેશનમાં આપવા દબાણ કર્યું હતું.

ડોક્ટર જ્યારે આ રકમ વિડ્રો કરી રહ્યા હતા ત્યારે મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટમાં રજિસ્ટર તેમના ભાઈ જયેશભાઈના ઈ-મેઈલ પર નોટિફિકેશન ગયું હતું. જયેશભાઈએ તુરંત બહેનનો સંપર્ક કરીને આટલી મોટી રકમ ઉપાડવાનું કારણ પૂછતા સમગ્ર સત્ય સામે આવ્યું હતું.

ભાઈએ ડોક્ટરને સમજાવ્યા હતા કે તેઓ સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. છેતરપિંડીનો ખુલાસો થતાં જ તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારબાદ રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના એએસઆઇ જે.એમ. બોસીયા દ્વારા ગુનો દાખલ કરવામાં આવતાં પોલીસ ઇન્સપેક્ટર બી. બી. જાડેજાએ જે બેંક ખાતામાં ફ્રોડના નાણા ગયા છે તે ખાતાઓની તપાસ કરવા તપાસ શરૂ કરી છે.

# દામજી મેપા પ્લોટમાં મહિલા સંચાલીત જૂગારધામમાં ૧૦ પકડાયા


### ભક્તિનગર પોલીસે નઝમા લાલાણીના ઘરમાં પાડ્યો દરોડો : કોઠારીયા રોડ પર PCBનો દરોડો છ ઝડપાયા

રાજકોટ,તા.૨૩

જૂગારના દરોડો રોજબરોજ પાડવામાં આવી રહ્યા છે. વધુ એક વખત મહિલા સંચાલીત જૂગારધામ પકડાયું હતું. શહેરના બોલબાલા માર્ગ દામજી મેપા પ્લોટ-૩માં ચામુંડા કૃપા નામના મકાનમાં રહેતી મહિલા જૂગાર રમાડતી હોવાની બાતમી પરથી ભક્તિનગર પોલીસે દરોડો પાડી છ મહિલા સહિત દસ પત્તાપ્રેમીઓને પકડી લેવાયા હતાં. દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા ભક્તિનગર પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે દામજી મેપા પ્લોટ-૩માં રસીકભાઇના મકાનમાં ભાડેથી રહેતી નઝમાબેન આસીફભાઇ લાલાણી પોતાના ઘરમાં માણસો ભેગા કરી જૂગારધામ ચલાવી રહી છે.

આ બાતબીને આધારે દરોડો પાડવામાં આવતાં નઝમાબેન તેમજ જૂગાર રમવા આવેલા અંજનાબેન યાકુબભાઇ સુમરા (રહે. દુધસાગર રોડ હાઉસીંગ ક્વાર્ટર શેરી નં. ૧૧), રીટાબેન અશ્વીનભાઇ સોનેતા (રહે. ધારાવી ઝુપડપટ્ટી બાન્દ્રા મુંબઇ), ગીતાબેન રવિભાઇ ગોસ્વામી (રહે. અમી હાઇટ્સ ફ્લેટ નં. ૪, જામનગર રોડ), ગીતાબેન ગીરીશભાઇ પટેલ (રહે. ખોડીયારધામ સોયટી-૧ રણુજા મંદિર પાસે), અફસાનાબેન સલિમભાઇ મીર (રહે. મોવૈયા રોડ દેરડી), વાસુ નરેન્દ્રભાઇ વડારીયા (રહે. કલ્પવન હાઇટ્સ બી-૮૦૪, કોરાટ ચોક), યાકુબ જુમાભાઇ સુમરા (રહે. ગુ.હા. બોર્ડ ક્વાર્ટર શેરી નં. ૧૧), કાના મામૈયાભાઇ રાઠોડ (રહે. તુરખા ગામ તા. બોટાદ) અને રમીઝ મહેબુબભાઇ ભાયાણી (રહે. યોગીનગર બોટાદ)ને પકડી લીધા હતાં. પોલીસે રોકડા રૂા. ૧૫૬૦૦ અને ગંજીપાના કબ્જે લીધા હતાં. નઝમાબેન નાલ ઉઘરાવી માણસો ભેગા કરી ભાડાના મકાનમાં જૂગાર રમાડતી હોવાનો ગુનો પોલીસે દાખલ કર્યો હતો. ઇન્સ. જે. ડી. પરમારના માર્ગદર્શનમાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ, નિલેષભાઇ મિયાત્રા સહિતની ટીમે આ કામગીરી કરી હતી.

જ્યારે આજે વહેલી સવારે બાતમીના આધારે પીસીબીની ટીમે પોલીસે કોઠારીયા રોડ પર આવેલા રણુજા મંદિરની પાછળ, શિવધામ સોસાયટી શેરી નં. ૩ માં આવેલ



જય ચંદ્રેશભાઈ તન્નાના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન મકાન માલિક જય તન્નાએ પોતાના ઘરે બહારથી અન્ય લોકોને જુગાર રમવા માટે બોલાવી, નાલ ઉઘરાવીને ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમાડતા હોવાનું ઝડપાઈ ગયું હતું. પોલીસે ઘટનાસ્થળેથી ગંજીપત્તાના ૫૨ પાના તેમજ જુગારના પટમાંથી અને અંગજડતીમાંથી રૂપિયા ૨૧,૨૫૦/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલા ૬ શખ્સોમાં મુખ્ય સંચાલક અને મકાન માલિક જય ચંદ્રેશભાઈ તન્ના (ઉ.વ.૨૩) ઉપરાંત કોઠારીયા રોડ હુડકો સી ક્વાર્ટર્સમાં રહેતો સાહનવાજ ઉર્ફે ઘાયલ હુસેનભાઈ સૈયદ (ઉ.વ.૧૮), હુડકો પોલીસ ચોકી પાછળ નાડોડા નગરમાં રહેતો ડ્રાઈવિંગનો વ્યવસાય કરતો રવી ગોવિંદભાઈ પારધી (ઉ.વ.૨૭), મારુતીનગર મેઈન રોડ પર રહેતો પાર્થ ગીરીશભાઈ સોઢા (ઉ.વ.૨૯), મેહુલનગર મેઈન રોડ પર રહેતો નોકરિયાત રવી શીવરામભાઈ મહેતા (ઉ.વ.૩૫) અને જંગલેશ્વર મેઈન રોડ રાધાકૃષ્ણનગરમાં રહેતો રાણા રાવતભાઈ ચાવડા (ઉ.વ.૪૨) સમાવેશ થાય છે. કેસની આગળની વધુ તપાસ પી.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ કિરણસિંહ વિક્રમસિંહ ઝાલાએ હાથ ધરી છે.

**મહિલાએ ફિનાઈલ પીધું**

રાજકોટ શહેરના ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક પરિણીત મહિલાએ પોતાના જ ઘરે ઝેરી પ્રવાહી પી લેતા ચકચાર મચી છે. રૈયા રોડ પર આવેલી આલાપ ગ્રીન સીટીમાં રહેતા ૩૦ વર્ષીય સીમાબેન વિરાજભાઈ ડોડીયા નામના મહિલાએ આજે સવારના સાડા નવ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી જવાના કારણે તેમની તબિયત અચાનક લથડતા પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક અસરથી અહીંની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં પીએસઆઈ. બેલીમ દ્વારા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ દાખલ કરવામાં આવી છે. મહિલાએ કયા પારિવારિક, માનસિક કે અન્ય કોઈ કારણોસર આત્મઘાતી પગલું ભરવાનો પ્રયાસ કર્યો અને ફિનાઈલ પીધું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનના પીએસઆઈ આઈ.એ. બેલીમને જવાબદારી સોંપવામાં આવી છે. પોલીસ દ્વારા દર્દી ભાનમાં આવ્યા બાદ તેમના તેમજ તેમના પરિવારજનોના નિવેદન નોંધીને આ બનાવ પાછળના સાચા કારણો જાણવાની દિશામાં કાયદેસરની આગળની તજવીજ હાથ ધરવામાં આવશે.

## આપત્તિ સમયે તાત્કાલિક સંપર્ક માટે હેલ્પલાઇન નંબરો જાહેર

**નાગરિકો તાત્કાલિક સંપર્ક કરી શકે તે માટેની સુવિધા શરૂ**

રાજકોટ, તા.૨૩

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સજ્જતાથી કાર્ય કરી રહ્યું છે. ચોમાસા દરમિયાન અથવા કોઈપણ કુદરતી આપત્તિ, ભારે વરસાદ, પૂર, વાવાઝોડા સહિતની ઇમરજન્સી પરિસ્થિતિમાં નાગરિકો તાત્કાલિક સંપર્ક કરી શકે તે માટે વિવિધ તાલુકાઓના કંટ્રોલરૂમના નંબર જારી કરવામાં આવ્યા છે.

કોઈપણ કુદરતી આપત્તિની પરિસ્થિતિમાં નાગરિકો જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ ફોન નં. ૦૨૮૧-૨૪૭૧૫૭૩ તેમજ ટોલ ફ્રી નં. ૧૦૭૭ પર સંપર્ક કરી શકે છે.

આ ઉપરાંત જિલ્લાના તાલુકા ડિઝાસ્ટર કંટ્રોલરૂમ સેન્ટરોના સંપર્ક નંબરો આ મુજબ છેઃ પડધરી - ૦૨૮૨૦-૨૩૩૦૫૯, રાજકોટ શહેર - ૧૦૧, લોધિકા - ૦૨૮૨૭-૨૪૪૨૨૧, કોટડા સાંગાણી - ૦૨૮૨૭-૨૭૬૨૨૧, જસદણ - ૦૨૮૨૧-૨૨૦૦૩૨, ગોંડલ - ૦૨૮૨૫ - ૨૨૦૦૯૩, જામકંડોરણા - ૦૨૮૨૪ - ૨૭૧૩૨૧, ઉપલેટા - ૦૨૮૨૬ - ૨૨૧૪૫૮, ધોરાજી - ૦૨૮૨૪ - ૨૨૧૮૮૭, જેતપુર - ૦૨૮૨૩ - ૨૨૦૦૦૧, વિંછીયા - ૦૨૮૨૧ - ૨૭૩૪૩૨.

કોઈપણ આપત્તિ સંબંધિત ઘટના, જાનહાનિ, રસ્તા બંધ થવા, વૃક્ષ ધરાશાયી થવા, પાણી ભરાવા અથવા અન્ય કોઈ ઈમરજન્સી અંગે તાત્કાલિક ઉપરોક્ત હેલ્પલાઇન નંબરો પર જાણ કરી તંત્રને સહયોગ આપી શકાય છે. આ સાથે જ અફવાઓથી દૂર રહી માત્ર અધિકૃત સ્ત્રોતોમાંથી મળતી માહિતી પર વિશ્વાસ રાખવું સલાહભર્યું છે.

## બુટલેગરોની નવી-જુની તરકીબોનો પર્દાફાશઃ સાડાપાંચ લાખનો દારૂ પકડાયો

# ટ્રકના ટાયરોમાં, કેરબાઓમાં મોકલાયેલો દારૂ ઝડપાયો

### PCBનો એક દરોડો કુવાડવા નજીક અને બીજો સંત કબીર રોડ પરઃ ભગવતીપરાનો શખ્સ પકડાયો તેમાં ત્રણના નામ ખુલ્યાઃ બજરંગવાડીનો શખ્સ પકડાયો તેમાં નામીચા યાકુબ મોટાણીનું નામ આવ્યું સામે

રાજકોટ,તા.૨૩

દારૂના નાના મોટા નવા જુના બૂટલેગરો-સપ્લાયરો પોલીસની આંખમાં ધુળ નાખવા જાત જાતના અખતરા કરતાં હોય છે. જો કે પોલીસ ધારે તો ગમે તેવી તરકીબ હોય તે ઉઘાડી પડી જતી હોય છે અને માલ-દારૂની સપ્લાય થાય એ પહેલા જ પોલીસ જપ્ત કરી લેતી હોય છે. આવી બે તરકીબોનો પીસીબીની ટીમે પર્દાફાશ કરી પાંચ લાખથી વધુના દારૂ સાથે બે શખ્સને પકડી લીધા હતાં. જ્યારે એકમાં ત્રણ શખ્સોના અને બીજા દરોડામાં નામીચા બુટલેગરનું સપ્લાયર તરીકે નામ ખુલ્યું હતું.વિગતો પર નજર કરીએ તો કુવાડવા નજીક માલધારી હોટેલ પાસે ભગવતીપરાના શખ્સને ટ્રક સાથે પકડી લીધો હતો. તે ટ્રકના જુના વ્હીલપ્લેટ સાથેના ટાયરોની અંદર દારૂનો જથ્થો છુપાવીને લાવ્યો હતો. આ દારૂ ભરાવી દેનાર અને મંગાવનારા તરીકે ત્રણના નામ ખુલ્યા હતાં. જ્યારે સામા કાંઠે સંત કબીર રોડ પર પ્લાસ્ટીકના કેરબામાં દારૂ છુપાવી પાર્સલથી દમણથી મોકલાયેલા અઢી લાખના દારૂ સાથે બજરંગવાડીના શખ્સને પકડી લેવાયો હતો.

વધુ માહિતી અનુસાર પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા અને કોન્સ. વિશાલભાઇ દવેને મળેલી બાતમી પરથી





કુવાડવા હાઈવે માલધારી હોટલ નજીક રોડ પર દરોડો પાડીને એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કરાયો હતો. ટ્રકના જુના સ્પેર ટાયરો અને વ્હીલ પ્લેટની વચ્ચે સંતાડીને લાવવામાં આવેલો રૂા. ૩,૦૭,૨૪૮ની કિંમતનો દારૂ ઘુસાડવાનો કારસો પોલીસે નિષ્ફળ બનાવાયો હતો. પોલીસે ટ્રક, મોબાઇલ અને દારૂના જથ્થા સહિત કુલ ૧૩,૧૫,૨૪૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રક નં. જીજે૧૦એક્સ-૮૬૨૧ને આંતરી લીધો હતો. આ ટ્રકમાં હાજર શખ્સની પુછતાછ કરતાં પોતાનું નામ તૌફીક દાઉદભાઇ પરમાર (રહે. ભગવતીપરા આશાબાપીરની દરગાહ પાસે) હોવાનું અને પોતે ડ્રાઇવિંગનો ધંધો કરતો હોવાનું જણાવ્યું હતું.

ટ્રકમાં દારૂની બાતમી હોઇ તપાસ કરતાં ઠાઠામાંથી જુના વ્હીલપ્લેટ સાથેના ટાયરોનો જથ્થો મળ્યો હતો. વધુ તપાસ કરવા પોલીસે પંચરની દુકાનના કારીગરને બોલાવી આ જુના ટાયરોની વ્હીલ પ્લેટ ખોલાવી તપાસ કરતાં ટાયરોમાંથી ટ્યુબ-હવાને બદલે દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રોયલ ચેલેન્જની ૧૮૦ અમએલની ૫૭૬ બોટલ રૂા. ૧,૯૨,૯૬૦, ઓલ્ડ મેક ડીલક્સ રમની ૧૮૦ એમએલની ૮૯૫૬૮ની ૨૮૮ બોટલો અને આઇકોનીક વ્હીસ્કી તથા એઇટ પીએમ વ્હીસ્કીની ૧૮૦ એમએલની ૧૯૨ અને ૧૪૪ બોટલો મળી કુલ રૂા. ૩,૦૭,૨૪૮નો દારૂ કબ્જે કર્યો હતો. પોલીસ પૂછપરછમાં ડ્રાઇવર તોફીકે કબુલાત કરી હતી કે આ ઇંગ્લિશ દારૂનો જથ્થો તેને રાજકોટના મનીષ ઉર્ફે બાલી તથા સોહીલ ઉર્ફે ભાણોએ ભરાવી આપ્યો હતો અને આ જથ્થો રાજકોટના સાજીદ રાઉમાને પહોંચાડવાનો હતો.

ઉપરાંત બીજો દરોડો સંત કબીર રોડથી રાજારામ સોસાયટી મેઇન રોડ તરફ ગોકુલ આવાસ યોજના ક્વાર્ટર સામેના રોડ પર પાડવામાં આવ્યો હતો. પીસીબીના કિરતસિંહ ઝાલા, વાલજીભાઇ જાડાની બાતમી પરથી નિહાલ જાકીરભાઇ બેલીમ (રહે. બજરંગવાડી પુનિતનગર શેરી નં. ૧)ને પકડી લીધો હતો. આ શખ્સ પ્લાસ્ટીકના કેરબા જે પાર્સલ સ્વરૂપે આવ્યા હતાં તેની સાથે ઉભો હતો. કેરબા ખોલીને જોતાં તેમાંથી રૂા. ૨,૫૧,૮૧૪ની કિંમતના ૧૮૦ એમએલના રોયલ ચેલેન્જ, સ્ટર્લિંગ રીઝર્વ બી-સેવન, આઇકોનીક વ્હાઇટના ચપલાઓ તેમજ બબ્બે લીટરની રોયલ ચેલેન્જ, રોયલ સ્ટેગની બોટલો મળી આવતાં આ જથ્થો અને ૪૦ હજારનું ટુવ્હીલર, એક મોબાઇલ મળી રૂા. ૩,૦૭,૮૧૪નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. નિહાલની પુછતાછ થતાં તેણે આ દારૂ હાલ દમણ રહેતાં નામચીન બુટલેગર યાકુબ મુસા મોટાણીએ મોકલ્યાનું ખુલ્યું હતું. આ બંને દરોડાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ આર. કે. જાડેજા, પી. બી. ત્રાજીયા, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ સરવૈયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રા. હેડકોન્સ. જયેશભાઇ ગઢવીની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

ગમે ત્યારે ગમે તેની સાથે થઇ જતી મિત્રતા, પ્રેમ ઘણીવાર બની જાય જોખમી


# પ્રેમી માટે ઘર છોડ્યું, દીધો દગો

## લગ્ન કરવા માટે ભાગી નીકળેલી સગીરાને કહેવાતા પ્રેમીએ ઓળખવાની પણ ના પાડી દીધીઃ સગીરાઓ-યુવતિઓ માટે લાલબત્તી સમાન કિસ્સો

રાજકોટઃ તા.૨૩

આજના ઇન્ટરનેટ અને સોશિયલ મિડીયાના યુગામાં સગીર સગીરાઓ અને યુવક યુવતિઓ તેમજ મોટેરાઓ પણ વિજાતીય મિત્રતામાં બહુ ઝપડથી પડી જાય છે. પરંતુ અજાણ્યા સાથે આ માધ્યમથી થતી મિત્રતા ઘણીવાર જોખમી બની જતી હોય છે. અમુક કિસ્સાઓમાં આવા માધ્યમથી આગળ વધતી મિત્રતાને પછી પ્રેમનું નામ આપીને લેભાગુઓ જે તે સગીરાઓ, યુવતિઓને ફસાવી લઇ શારીરિક અને આર્થિક શોષણ પણ કરતાં હોય છે. દગાખોરી આવી મિત્રતા, પ્રેમમાં સામાન્ય વાત છે. ઇચ્છા પડે ત્યાં સુધી ઉપયોગ કરી લીધા બાદ લેભાગુઓ જે તે સગીરા, યુવતિને તરછોડી દેતાં હોય છે. એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એક સગીરાને સોશિયલ મિડીયાથી પ્રેમ થઇ જતાં પ્રેમી માટે થઇ પોતાનું ઘર છોડીને ભાગી નીકળી હતી. પરંતુ પ્રેમીને રૂબરૂ મળી ત્યારે તેણે પોતે તેણીને ઓળખતો જ નથી એવુ કહી જાકારો દઇ દીધો હતો!

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ ખાતે રહેતી સોળવર્ષની સગીરાને સોશિયલ મીડિયા ઇન્સ્ટાગ્રામ પરથી યુવક સાથે મિત્રતા બંધાઈ હતી, ત્યારે પ્રેમી લગ્ન કરવા માટે વાત કરતા વિશ્વાસમાં આવી ગયેલી સગીરા પોતાનું ઘર છોડી વડોદરા શહેરના સયાજીગંજ સિટી બસ સ્ટેન્ડ ખાતે આવી પહોંચી હતી. ત્યારબાદ તેણે ફોન કરતા યુવકે એને ઓળખવાનો ઇનકાર કર્યો હતો અને લેવા આવ્યો ન હતો. લગ્ન કરવા ઘરેથી નીકળેલી કિશોરીને તેનો બોયફ્રેન્ડ લેવા ન આવતા આખરે અભયમની મદદ લેવી પડી હતી. કાઉન્સેલિંગ દરમિયાન સમગ્ર હકીકત સામે આવતા ટીમે કિશોરીને સમજાવી તેના પિતાને જાણ કરી આશ્રયગૃહમાં રાખવાની કાર્યવાહી કરી હતી. વધુ માહિતી અનુસાર વડોદરા શહેરના સયાજીગંજ સિટી બસ સ્ટેન્ડ પરથી એક જાગૃત નાગરિકે અભયમ ૧૮૧ હેલ્પલાઇન પર ફોન કરી જાણ કરી હતી.



તેણે કહ્યું હતું કે એક કિશોરી તેના પરિવારથી અલગ પડી ગઈ છે. અભયમની ટીમ સ્થળ પર પહોંચી કિશોરીનું કાઉન્સેલિંગ કરતાં શરૂઆતમાં તેણે જણાવ્યું હતું કે, તે માતા-પિતા સાથે વડોદરા સંબંધીઓના ઘરે આવી હતી અને રેલવે સ્ટેશન પર પરિવારથી વિખૂટી પડી ગઈ છે. તેને પોતાના ઘરનું સરનામું કે માતા-પિતાનો મોબાઇલ નંબર પણ યાદ નહોતો. કિશોરી અગીયારમા ધોરણમાં અભ્યાસ કરતી હોવાથી ટીમને તેની વાત પર શંકા જતાં વધુ પૂછપરછ કરવામાં આવી હતી. તેણે ભાઈનો મોબાઇલ નંબર યાદ હોવાનું જણાવી નંબર આપ્યો હતો, પરંતુ તે નંબર પર સંપર્ક કરતાં સામેવાળી વ્યક્તિએ કિશોરીને ઓળખવાનો ઇનકાર કરી ફોન બંધ કરી દીધો હતો. ત્યારબાદ અભયમની ટીમે શાંતિપૂર્વક સમજાવટ અને વિશ્વાસમાં લઈ ફરી વાત કરતાં કિશોરીએ સાચી હકીકત જણાવી હતી.

આ સગીરાએ હકિકત જણાવી હતી કે તે અમદાવાદની રહેવાસી છે અને છેલ્લા ત્રણ વર્ષથી પિતાના મોબાઇલમાં ેપચેટનો ઉપયોગ કરતી હતી. આ દરમિયાન તેની એક યુવક સાથે મિત્રતા થઈ હતી. આ મિત્રતા આગળ જતાં પ્રેમમાં પલ્ટાઇ હતી. આ પછી બંને લગ્ન કરવા ઇચ્છતા હતા. બે મહિના પહેલાં આ સંબંધની જાણ પરિવારને થતાં માતા-પિતાએ ઠપકો આપ્યો હતો. ત્યારબાદ યુવકે તેને ઘરેથી નીકળી આવવા કહ્યું હતું. જેથી તે સ્કૂલે જવાનું કહી ઘરેથી નીકળી વડોદરા આવી હતી. જોકે, અહીં પહોંચ્યા બાદ યુવકે તેને ઓળખવાનો ઇનકાર કરી દીધો હતો. અભયમની ટીમે કિશોરીને હાલ ભણવાની ઉંમર હોવાનું સમજાવી આવી રીતે કોઈના કહેવા પર ઘર છોડવું જોખમી હોવાનું જણાવ્યું અને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા સલાહ આપી હતી. ત્યારબાદ કિશોરીના પિતાનો સંપર્ક કરી સમગ્ર ઘટનાની જાણ કરવામાં આવી હતી. પિતા અમદાવાદથી વડોદરા આવવા નીકળ્યા હોવાથી ત્યાં સુધી કિશોરીને સુરક્ષિત રીતે આશ્રયગૃહમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ હાલના સમયમાં સોશિયલ મિડીયાના માધ્યમથી ગમે તેની સાથે ગમે ત્યારે મિત્રતા કે પ્રેમના પાઠ ભણવા માંડતી સગીરાઓ સાથે આવુ ગમે ત્યારે બની શકે છે. ઘણીવાર યુવાનો પણ લેભાગુ યુવતિઓની જાળમાં ફસાઇ જતાં હોવાના કિસ્સા બની જતાં હોય છે. મિત્રતા કરવી, પ્રેમ કરવો એમાં ખોટુ નથી. પરંતુ આ માટે પરિપક્વ ઉંમર હોવી પણ એટલી જ જરૂરી છે અને સાથે સાથે તમે જેની સાથે મિત્રતા કરો છો, પ્રેમ કરો છે એ પાત્ર ખરેખર કોણ છે? સોશિયલ મિડીયા પર તેણે જે દેખાવ કર્યા છે એ મુજબનું જ એ પાત્ર છે કે કેમ? આ સહિતની વિસ્તૃત માહિતી તપાસ કરી મેળવી લેવામાં આવે તો આગળ જતાં જોખમ ટળી શકે છે.

ગઠીયાઓ ગમે ત્યાં હોય પોતાની તરકીબથી ગજવા ભરી જ લેતાં હોય

# QR કોડનું કારસ્તાનઃ સાડા અઢાર લાખનું ફ્રોડ

## પંપના મેનેજરે નવ ફિલરોનો સાથ લઇ કાવત્રાને અંજામ આપ્યોઃ પંપ ખાતે કંપીનના ક્યુઆર કોડને બદલે પોતાનો કોડ રાખી રોકડા સેરવી લીધાઃ બેંકમાં નાણા જમા થયાનો મેસેજ ન આવતાં સંચાલકને ખબર પડીઃ દસ જણા સામે એફઆઇઆર

રાજકોટઃ તા.૨૩

ગઠીયાગીરી કરનારા કોઇપણ સ્થળે વસવાટ કરતાં હોય છે અને તેઓ ગમે તેમ કરીને પોતાના ગજવા ભરવા માટેની તરકીબોને સફળ બનાવી લેતાં હોય છે. ઘણા તો એવા પણ હોય છે જે પોતે જ્યાં નોકરી કરતાં હોય રોજીરોટી રળતાં હોય ત્યાં જ ખેલ પાડતાં હોય છે. આવી જ વધુ એક ઘટના સામે આવી હતી.

જેમાં એક પેટ્રોલ પંપ ખાતે નોકરી કરતાં શખ્સે પોતે મેનેજરના હોદ્દા પર હોઇ તેનો દુરૂપયોગ કરી ફ્રોડ કર્યુ હતું. પેટ્રોલ પંપ ખાતે પોતાનો અંગત ક્યુઆર કોડ લગાવી દઇ દસ મહિનામાં અઢાર લાખ તેતાલીસ હજાર રૂપિયા પોતાના ગજવામાં લઇ લીધા હતાં. હિસાબ કીતાબમાં ભોપાળુ છત્તુ થતાં તપાસ થતાં મેનેજરની આ કારીગીરી બહાર આવતાં પોલીસ ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી.




વિગતો પર નજર કરીએ તો બાવળાના બગોદરામાં પંદર હજારના પગારદાર પેટ્રોલપંપના મેનેજરે દસ મહિનામાં પોતાના ગામના ત્રણ સહિત નવ ફિલર સાથે મળી રૂ.૧૮.૪૩ લાખની છેતરપિંડી આચારી હતી. આ કૌભાંડ પેટ્રોલપંપના ક્યુઆર સ્કેનરના બદલે મોબાઇલમાં પોતાના અંગત સ્કેનર ગ્રાહકોને બતાવીને પોતાના ખાતામાં જમા કરી આચરવામાં આવ્યું હતું. સમગ્ર કૌભાંડ પેટ્રોલપંપના સંચાલકને નાણાં જમા થયાનો મેસેજ ન આવતાં બહાર આવ્યું હતું. ફિલરો પકડાઇ જવાના ડરે નોકરી છોડી ભાગી છૂટ્યા હતા.

વધુ માહિતી પર નજર કરીએ તો બોટાદના બોગદરામાં ગ્રુપ સહકારી મંડળીના સહકાર પેટ્રોલપંપ ઉપર એક વર્ષથી મેનેજર તરીકે નોકરી કરતાં પંદર હજારના પગારદાર કિરીટકુમાર નારણભાઇ રોકીયાએ ફીલર તરીકે કામ કરતાં નવ શખસ સાથે મળી દસ મહિનામાં રૂપિયા અઢાર લાખ તેતાલીસ હજારની રકમ પોતાના મોબાઇલના ક્યૂઆર કોડમાં લઇ તેમજ રોકડની ઉઠાંતરી કરી ઓનલાઇન ટ્રાન્ઝેક્શન વધુ બતાવી છેતરપિંડી આચરી હતી. મેનેજર દ્વારા ચાર મહિના દરમિયાન પોતાના ખાતામાં, ચાર મહિના દરમિયાન રાજસ્થાનના શખ્સના ખાતામાં અને એક મહિના દરમિયાન નવા આવેલા ફિલરોના ખાતામાં રકમ જમા કરાવી હતી. તમામ ફિલરોને મેનેજર જ લાવતો હતો. પણ રૂપિયા જમા થયેલાનો એસ.એમ.એસ. બેન્કમાંથી ન આવતાં શંકા જતાં મામલો બહાર આવ્યો હતો.

આ કારસ્તાનની વિશેષ માહિતી અનુસાર રાજસ્થાનના ૫ શખ્સ નોકરી છોડીને જતા રહેતા ત્રણ ફીલરો બટુકભાઇ, બળદેવભાઇ અને નાનજીભાઈને કિરીટકુમારે નોકરીએ રાખ્યા હતા. ૭ દિવસમાં રૂ.૧,૬૦,૦૦૦ લાખની છેતરપિંડી આચરી હતી. જેમાં સરખા ૪ ભાગ કરતાં કરતાં દરેકના ભાગમાં રૂ.૪૦ હજારની રકમ આવી હતી. મેનેજર એક વર્ષ તો ફીલરોએ છ સાત મહિના નોકરી કરી હતી. જેમાં કિરીટકુમાર, મેનજર અને રાજસ્થાનના ફિલરોઅ નવા ત્રણ ફીલરો સાથે મળી છેતરપિંડી આચરી હતી.

આ કૌભાંડમાં મેનેજર કિરીટકુમાર રોકીયા, બસંતલાલ સરદાર ડામોર, હરીશલાલ સરદાર ડામોર, કાન્તીલાલ સરદાર ડામોર, નારણ સરદાર ડામોર, ગણેશલાલ,પાંચેય રહેવાસી, ડાહલા ચિતરી ગામ, અંબાડા ડુંગરપુર અને બસંતલાલના બનેવી જયંતલાલ નાગોરી, બટુકભાઇ ચંદુભાઇ રોકીયા, બળદેવભાઇ કાનજીભાઈ મેર, નાનજીભાઈ ઘનશ્યામભાઈ મેરના મોબાઇલમાં એપ્લીકેશન ઇન્સટોલ હતી. રાજસ્થાનના આરોપીઓ છેતરપિંડી બાદ નોકરી છોડી જતા રહ્યા હતા. સમાધાન ન થતાં અંતે ફરિયાદ દાખલ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

મોચીબજારમાં માવતર ધરાવતી બાવીસ વર્ષની રૂમાનાએ ભગવતીપરામાં રહેતાં મામાના દિકરા સાથે પાંચ મહિના પહેલા જ લગ્ન કર્યા હતાં

# સાસુ નકામી કહેતાં, નણંદ મરી જવાનું કહેતીઃ નવોઢાએ જીવ દીધો

## મુસ્લિમ યુવતિએ આપઘાત કર્યાના બનાવમાં તેણીના પતિ, સાસુ, નણંદ વિરૂધ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ થયોઃ બી-ડિવીઝન પોલીસે મૃતકના પિતાની ફરિયાદને આધારે કાર્યવાહી કરી

રાજકોટઃ તા.૨૩

દામ્પત્ય જીવનની શરૂઆત કરનાર એક નવોઢાને લગ્ન-શાદીના બે જ મહિના બાદ પતિ, સાસુ, નણંદનો અસહ્ય ત્રાસ શરૂ થઇ જતાં તેણી મરી જવા મજબૂર થઇ છે. આ બનાવ રાજકોટ શહેરનાભગવતીપરામાં બન્યો હતો. અહિ રહેતી બાવીસ વર્ષની મુસ્લિમ નવોઢા રૂમાનાબેન સલીમ બાવનકાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાના બનાવમાં ચોંકાવનારી વિગતો બહાર આવતાં પોલીસે તેણીને મરી જવાની દુષ્પ્રેરણા આપવા બદલો તેણીના પતિ, સાસુ, નણંદ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. આ નવોઢાને સાસુ નકામી કહેતાં હતાં તો નણંદ કહેતી કે તું મરી જા તો કંઇ ફરક નહિ પડે, અમારા ઘરમાં જગ્યા થશે. પતિ પણ તેણીને મારકુટ કરી લેતો હતો. આથી તેણે ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યાનું ખુલ્યું હતું.વિગતો પર નજર કરીએ તો મોચીબજારમાં માવતર ધરાવતી અને ભગવતીપરામાં સાસરૂ ધરાવતી પરિણીતાએ લગ્ન થયાના પાંચ જ મહિનામાં તેણીએ આપઘાત કરી લીધો હતો. દિકરીને ત્રાસ હોવાની જાણ થતાં માતા-પિતા તેડવા ગયા ત્યારે તેણીના સાસુ-નણદે તમારી દિકરીને કામ આવડતું નથી, મરી જવું હોય તો ભલે મરી જાય, અમારે ઘરમાં જગ્યા થશે તેવા વેણ કહ્યા હતાં અને જમાઇએ આ બંનેને ધક્કો મારી ડેલી બહાર કાઢી મુક્યા હતાં. ભગવતીપરા રઝીયા મદ્રેસાની સામે નંદનવન-૧ની સામેની શેરીમાં રહેતી રૂમાના સલિમ બાવનકાએ પરમ દિવસે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. દિકરીને પતિ, સાસુ, નણંદનો ત્રાસ હોવાની જાણ તેણીના એક સગા મારફત પણ થઇ હતી. આ પછી એક દિવસ રૂમાનાએ અગાઉ પિતાને ફોન કરીને આક્રંદ કરતાં જણાવ્યું હતું કે-પપ્પા મને ઘરે લઈ જાઓ, મને બહુ ત્રાસ આપે છે. આથી પિતા અને માતા તાત્કાલિક સાસરે પહોંચ્યા હતા અને દિકરીને તેડી જવાની વાત કરી હતી. મહમદભાઇ અને તેના પત્નિએ દિકરીના સાસુને કહેલું કે અમારી દિકરીને તમે બહુ ત્રાસ આપો છો એટલે અમારે તેને તેડી જવી છે. ત્યારે સાસુ શરીફાબેને કહેલું કે-તમારી દિકરીને ઘરનું કંઇ કામકાજ આવડતું નથી, તે મરે તો ભલે મરી જતી, એ સાવ નકામી છે. આ વખતે નણંદ અફશાનાએ પણ એવુ કહેલું કે-તમારી દિકરી અહિ જ રહેશે, તેને કોઇની સાથે ક્યાંય મોકલવી નથી, તે મરવાનું કહે તો ભલે મરી જતી, અમારા ઘરમાં જગ્યા થશે બીજુ શું! આ પછી પણ રૂમાનાને તેના માતા-પિતા સાથે જવા દીધી નહોતી. આ બંનેને જમાઇ સલિમે ધક્કો મારી ડેલી બહાર કાઢી મુક્યા હતાં. બાદમાં એકવીસમી જુલાઇના બપોરે મહમદભાઇ રિક્ષા લઇ ફેરા કરવા નીકળ્યા ત્યારે જમાઇ સલિમે ફોન કરી તારી દિકરીએ ગળાફાંસો ખાઇ લીધો છે, તમે સિવિલ હોસ્પિટલે આવો તેમ કહેતાં મહમદભાઇ સહિતના ત્યાં પહોંચતા દિકરીનો મૃતદેહ જોવા મળ્યો હતો. રૂમાના તેના પતિ, સાસુ, નણંદના ત્રાસથી કંટાળીને મરી જવા મજબૂર થઇ હોવાનું મહમદભાઇએ જણાવતાં બી-ડિવીઝન પીઆઇ જે. આર. ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. એન. જેઠવાએ ગુનો દાખલ કરી આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. એકની એક દિકરીએ શાદી થયાના પાંચ જ મહિના બાદ મોતનો માર્ગ પકડી લેતાં વૃધ્ધ દંપતિ ઉંડા આઘાતમાં ગરક થઇ ગયુ હતું.

ફોન કરી પોતાનું નામ કહ્યું, આધારકાર્ડ મોકલ્યું ને એડવાન્સ નાણા પણ દીધા

# ભાડાનું કહીને અગીયાર લાખની કાર લઇ ગ્યો!

## બે દિવસ માટે આઠ હજારના ભાડાથી કાર લઇ જનારે ફોન બંધ કરી દીધો, જીપીએસ પણ કારમાંથી કાઢીને ફેંકી દીધુંઃ મહિલા ટ્રાવેલ્સ સંચાલકે દાખલ કરાવી ફ્રોડની ફરિયાદઃ બીજા બનાવમાં રૂપિયા લઇ લીધા પછી માલ ન મોકલી વેપીર સાથે ફ્રોડ

રાજકોટઃ તા.૨૩

સેલ્ફમાં ભાડેથી કાર લઇ જઇ પછી જે તે શખ્સ ઠામુકો કાર લઇને ભાગી જતો હોવાના કિસ્સા રાજ્યભરમાં અવાર-નવાર બને છે. સેલ્ફમાં લઇ જવાથી કારનો ઘણીવાર ગુનાખોરીમાં પણ ઉપયોગ થતો હોવાનું ખુલતું હોય છે. અગાઉ રાજકોટ પોલીસે મોટુ એક કારસ્તાન ઉઘાડુ પાડ્યું હતું જેમાં ભાડાની કાર બારોબાર વેંચી મારનાર ટોળકી ઝડપાઇ હતી અને વીસથી વધુ આવી કાર કબ્જે કરવામાં આવી હતી. આ વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો હતો જેમાં એક લેભાગુ અગીયાર લાખની કાર બે દિવસ માટે ફરવા જવા માટે ભાડેથી લઇ ગયો હતો અને ભાડુ ચુકવી દીધુ હતું. પરંતુ બે દિવસ પછી તેણે ફોન બંધ કરી દીધો હતો અને કારમાં જીપીએસ સીસ્ટમ હતી એ પણ કાઢીને ફેંકી દીધી હતી. મહિલા ટ્રાવેલ્સ સંચાલકે આ ગઠીયા વિરૂધ્ધ પોલીસને જાણ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ પ્રકારના ફ્રોડની ઘટના વડોદરાના અકોટા વિસ્તારમાં બની હતી. અહિ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતી મહિલાને વિશ્વાસમાં લીધા બાદ ભેજાબાજે રૂપિયા અગીયાર લાખની કિંમતની કાર ભાડે લઈને પરત ન અપાઈને ઠગાઈ આચરી હતી. આ બનાવમાં જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે તપાસ હાથ ધરવામાં આવી હતી. વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતી અને પાર્થરાજ ટ્રાવેલ્સના નામે ફોરવ્હીલર વાહનો ભાડે આપવાનો વ્યવસાય કરતી મહિલાને રાત્રે અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાનું નામ પાર્થકુમાર ઝાલરીયા હોવાનું જણાવી મિત્રો સાથે માઉન્ટ આબુ ફરવા જવા માટે બે દિવસ માટે કાર ભાડે મગાવી હતી અને વિશ્વાસ અપાવ્યો હતો કે વાહન સમયસર અને સુરક્ષિત પરત કરી દેશે.



આ પછી આરોપીએ વિશ્વાસ જીતવા માટે અગાઉથી રૂ. ૧,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા તેમજ પોતાનું ઓળખપત્ર પણ વોટ્સએપ મારફતે મોકલ્યું હતું. ત્યારબાદ ફરિયાદી અને તેમના ભાઈ કિયા કાર્નિવલ કાર લઈને પાદરા પહોંચ્યા હતા, જ્યાં આરોપીએ બે દિવસનું ભાડું રૂપિયા આઠ હજાર તથા સુરક્ષા ડિપોઝિટ તરીકે પંદર હજાર ચુકવી કાર લીધી હતી. નક્કી કરેલા સમય બાદ પણ આરોપીએ કાર પર ન આપતાં ફરિયાદીએ અનેક વખત ફોન દ્વારા સંપર્ક કરવાનોપ્રયાસ કર્યો હતો, પરંતુ આરોપીએ ફોન ઉપાડ્યો નહોતો.

કારમાં લગાવેલા જીપીએસની તપાસ કરતાં વાહનનું લોકેશન રાજસ્થાનના જોધપુર વિસ્તારમાં હોવાનું જણાયું હતું. બાદમાં જીપીએસ પણ બંધ થઈ જતાં કારનું લોકેશન મળવાનું બંધ થઈ ગયું હતું. આ પછી ભાડેથી કાર લઇ જનારના ફોન પર વારંવાર સંપર્ક કરવા છતાં સંપર્ક થતો ન હોઇ આજદિન સુધી કાર પરત ન મળતા ફરિયાદીએ આરોપીએ વિશ્વાસઘાત કરી કાર હડપ કરવાની નીતિથી છેતરપિંડી આચર્યાનો આક્ષેપ કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આવી ઘટનાઓ અવાર-નવાર ઠેકઠેકાણે બનતી રહે છે. જેમાં વધુ એક કિસ્સો ઉમેરાઇ ગયો હતો.

ઠગાઇના અન્ય એક બનાવમાં ફટાકડાનો માલ મોકલવાના બહાને વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા ફટાકડાના વેપારી સાથે ૯૮,૬૦૦ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. આ મામલે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ૩ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. તરસાલી ખાતે ધનિયાવી વિસ્તારમાં ફટાકડાનો વ્યવસાય કરતા અરવિંદ ખૈરે માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ -માણે તેમણે અન્ય વેપારીઓ પાસેથી મળેલા મોબાઇલ નંબર પર સંપર્ક કર્યો હતો. ફોન પર તેમની રોયલ પટેલ સાથે વાત થઈ હતી. રોયલ પટેલે રાજકોટમાં ફટાકડાનો વેપાર કરે છે, તેમ જણાવ્યું હતું. રોયલ પટેલે ફટાકડાનો માલ તાત્કાલિક પહોંચાડી આપવાની ખાતરી આપી હતી અને ૯૮,૬૦૦ રૂપિયાનું બિલ વોટ્સએપ મારફતે મોકલ્યું હતું. બેંક ખાતાની વિગતો માંગતાં તેણે શનિવાર અને રવિવારે બેંક બંધ હોવાનું કહીને પોતાના માણસ રાકેશ પટેલ મારફતે રોકડ રકમમાં લેવાની વાત કરી હતી.

પણ ત્યારબાદ રાકેશ પટેલે અરવિંદભાઈનો સંપર્ક કરી તેમના ઘરનું લોકેશન વોટ્સએપ પર મંગાવ્યું હતું. સાંજે ચાર વાગ્યે બે અજાણ્યા વ્યક્તિઓ અરવિંદભાઈના ઘરે આવ્યા હતા. રાકેશ પટેલે જણાવ્યું હતું કે, રોયલ પટેલે મોકલ્યો છે. આ સમયે વિશ્વાસમાં આવી અરવિંદભાઈએ તેને ૯૮,૬૦૦ રૂપિયા રોકડા તેને આપી દીધા હતા. ત્યારબાદ અરવિંદભાઈએ અનેક વખત રોયલ પટેલનો સંપર્ક કરીને ફટાકડાનો માલ મોકલવાની માંગણી કરી હતી, પરંતુ તે વારંવાર બહાના બતાવતો હતો અને વાયદા કરતો રહ્યો હતો. આ દરમિયાન અરવિંદભાઈનો અકસ્માત થયો હતો. જેથી તેઓ તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવી શક્યા નહોતા. ત્યારબાદ હવે સમગ્ર ઘટનાની જાણ કરીને માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

### બેંક અધિકારીના નામે ફોન કરી લલચાવ્યો, એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવડાવી જાળમાં ફસાવ્યો

# મફતમાં ક્રેડીટ કાર્ડ રીપ્લેસના નામે સાયબર ફ્રોડ

## યુવાને સાયબર ક્રાઇમમાં જાણ કરતાં તુરત જ કાર્યવાહી થઇ અને નાણા પરત મળી ગયાઃ ઠગાઇના બીજા બનાવમાં કંપનીના સિનિયર એનાલિસ્ટે કર્મચારીઓના નામે કૌભાંડ આચરી નવ લાખ ચાંઉ કર્યા

રાજકોટઃ તા.૨૩

સાયબર ગઠીયાઓ રોજેરોજ લોકોને કોઇને કોઇ તરકીબનો ઉપયોગ કરીને ફ્રોડનો શિકાર બનાવી રહ્યા છે. ઘણીવાર તો નુસ્ખો પણ જુનો પુરાણો હોય છે આમ છતાં લોકો ગઠીયાની વાતોમાં એવા ફસાઇ જતાં હોય છે કે ડરી જતાં હોય છે કે તેમને કોઇ સમજ જ પડતી હોતી નથી અને ગઠીયા જેમ કહે તેમ કરીને ઓનલાઇન નાણા ગુમાવી દે છે. વધુ એક વખત બેંક અધિકારીના નામનો ઉપયોગ કરી સાયબર ગઠીયા એપીકે ફાઇલ ડાઉનલોડ કરાવી એક યુવાનને છેતરી ગયા હતા. અહિ રકમ નાની હતી પરંતુ આ પ્રકારના ફ્રોડ સતત વધી ગયા છે અને સાયબર ક્રાઇમ પોલીસ ઢોલ નગારા પીટીને લોકોને જાગૃત થવા ચેતવી રહી છે છતાં લોકો જાગતા નથી એ વાત પણ વધુ એક વખત અહિ સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો વલસાડમાં એક ઠગાઇ થઇ હતી. જેમાં બેંક અધિકારીની ખોટી ઓળખ આપીને ક્રેડિટ કાર્ડ રિપ્લેસ કરવાના બહાને એક યુવાનને સાયબર ફ્રોડનો ભોગ બનાવી લેવાયો હતો. જો કે આ કિસ્સામાં સાયબર ક્રાઇમ પોલીસની જે ઝડપથી કામગીરી થઇ તે પણ કાબીલેદાદ હતી. વલાસડના ગુંદલાવના યુવક સાથે અઠચોતેર હજાર ત્રણસો ત્રેવીસ રૂપિયાની ઓનલાઇન ઠગાઇ થઇ હતી. વલસાડ સાયબર ક્રાઇમ પોલીસે ત્વરિત કામગીરી આ યુવાનને પુરેપુરી રકમ પરત અપાવી દીધી હતી.

વધુ માહિતી અનુસાર વલસાડના ગુંદલાવ ખાતે રહેતા સંતોષ કિશન ચૌહાણને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે સાયબર ઠગે પોતે બેંક કર્મચારી હોવાની ઓળખ આપી હતી અને જણાવ્યું હતું કે જો તેઓ પોતાનું ક્રેડિટ કાર્ડ રિપ્લેસ કરાવશે તો તેના માટે કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. આ લાલચમાં આવીને ફરિયાદીએ પોતાનું જૂનું એસબીઆઇ બેંકનું ક્રેડિટ કાર્ડ બંધ કરાવી નવા કાર્ડ માટેની પ્રોસેસ શરૂ કરી હતી.

આ પ્રોસેસ પૂર્ણ કરવાના બહાને સાયબર ઠગે ચાલબાજી પૂર્વક ફરિયાદી પાસે તેમના મોબાઈલ ફોનમાં એક ખ્ભ્દ ફાઈલ ઇન્સ્ટોલ કરાવી દીધી હતી. આ ફાઈલ ડાઉનલોડ થતાં જ સાયબર ઠગે ફરિયાદીના મોબાઈલ ફોનનો પૂરો રિમોટ એક્સેસ મેળવી લીધો હતો. મોબાઈલનું નિયંત્રણ મેળવ્યા બાદ ઠગે



ફરિયાદીના ઈન્ડસઈંડ બેંકના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને એમેઝોન તથા લિપકાર્ટ જેવી ઈ-કોમર્સ વેબસાઈટ પરથી રૂ ૭૮,૩૨૩ની ઓનલાઈન ખરીદી કરી ઠગાઈ આચરી હતી.

આ પછી યુવાનને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જવલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. બનાવની ગંભીરતા જોઈને વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સપેક્ટર એચ. જી. રબારીના માર્ગદર્શન હેઠળ પોલીસે એમેઝોન અને લિપકાર્ટ સાથે સતત સંકલન સાધીને ટ્રાન્ઝેક્શન અટકાવ્યા હતા અને ઓનલાઈન ખરીદી કેન્સલ કરાવી ફરિયાદીની તમામ રકમ સુરક્ષિત રીતે પરત અપાવી હતી. સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા આ પ્રકારની ઠગાઇ રોકવા માટે અનેક વખત અપીલ કરાતી હોવા છતાં લોકો ઠગાઇનો શિકાર બની જાય છે. તે આ કિસ્સામાં વધુ એક વખત ફલીત થયું હતું.

બીજા ઠગાઇના એક બનાવમાં કંપનીના કર્મચારીએ એકત્રીસ કર્મચારીઓના નામે કારસ્તાન આચર્યુ હતું. જેમાં ગાંધીનગરના અદાણી શાંતીગ્રામ સ્થિતની એક કંપનીમાં એક મોટું કોર્પોરેટ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. કંપનીમાં સિનિયર બિઝનેસ એનાલિસ્ટ તરીકે ફરજ બજાવતા જાલીમસિંહ ઠાકુરે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી કંપનીના ૩૧ જેટલા કર્મચારીઓની સિસ્ટમમાં ગેરકાયદેસર રીતે ખોટી ખર્ચ એન્ટ્રીઓ ભી કરી હતી. આ શાતિર કૌભાંડીએ કર્મચારીઓના ખાતામાં કંપનીના નાણાં ટ્રાન્સફર કરી, ત્યારબાદ ભૂલથી ટ્રાન્સફર થઈ ગયા છે તેવું નાટક રચીને કુલ ૯.૧૧ લાખથી વધુની રકમ પોતાના અને પોતાની બહેનના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર નાણાકીય છેતરપિંડી અંગે કંપનીના એડમીન હેડ દ્વારા અડાલજ પોલીસ મથકમાં આરોપી વિરૂધ્ધ વિશ્વાસઘાત, છેતરપિંડી અને ડિજિટલ દસ્તાવેજોમાં છેડછાડ કરવાની કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

પોતાના ખાતામાં નાણા આવી ગયાની કર્મચારીઓની ફરિયાદના આધારે કંપનીએ તાત્કાલિક ધોરણે નાણાકીય વર્ષના ઓડિટ હિસાબોની આંતરિક તપાસ કરાવી હતી, જેમાં આ આખું મસમોટું કૌભાંડ સપાટી પર આવ્યું હતું.

કંપનીએ જ્યારે આ અંગે સત્તાવાર ખુલાસો માંગ્યો ત્યારે પકડાઈ જવાના ડરે આરોપીએ પોતાના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પરથી કંપનીના ઉચ્ચ અધિકારી વિજય દેસાઈને બેંક સ્ટેટમેન્ટ મોકલ્યા હતા. આ સ્ટેટમેન્ટમાં પણ તેણે પીડીએફ એડિટિંગ કરીને સાચા નામો ડીલીટ કરી દીધા હતા અને ખોટા નામો ઉમેરીને બનાવટી દસ્તાવેજો સાચા તરીકે રજૂ કરવાનો કારસો રચ્યો હતો.

### બે પરિવારે યુવાન અને આધારસ્તંભ-આશાસ્પદ કંધોતર ગુમાવી દીધા

# અકસ્માતમાં વિદ્યાર્થીનું, ગુણી માથે પડતાં યુવાનનું મોત

## કાકા સાથે બાઇકમાં બેસીને જતાં છાત્રને ગંભીર ઇજા થતાં જીવ ગયોઃ બીજી ઘટનામાં તેલની ઘાણીમાં માંડવીનુ ગુણીઓ નીચે દબાતાં મજૂર યુવાનનો જીવ ગયોઃ પરિવારોમાં કાળો કલ્પાંત

રાજકોટઃ તા.૨૩

અપમૃત્યુના બે અલગઅલગ બનાવમાં એક અઢાર વર્ષના વિદ્યાર્થીનું મોટરસાઇકલ સ્લીપ થવાને કારણે મૃત્યુ થયુ હતું. તેની સાથે બેઠેલા તેના કાકાનો ઇજા સાથે બચાવ થયો હતો. બીજી ઘટનામાં એક યુવાન તેલની ઘાણીમાં મજૂરી કરતો હોઇ તેના ઉપર મગફળીની ગુણીઓ પડતાં દબાઇ જતાં મોત થયું હતું. વિગતો પર નજર કરીએ તો અમરેલીના ધારીના પીપરડી નજીક બાઇક સ્લીપ થઇ જતાં અઢાર વર્ષના છાત્રને ગંભીર ઇજા થઇ હતી. જ્યારે બાઇક ચાલક તેના કાકાનો ઇજા સાથે બચાવ થયો હતો. છાત્રએ ચોવીસ દિવસની સારવાર બાદ રાજકોટમાં દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ધારીમાં સરદાર ચોક શીવનગરમાં રહેતો દર્શીલ અરવિંદભાઇ પટોળીયા નામનો અઢાર વર્ષનો યુવાન અઠ્ઠાવીસમી જુનના રોજ નજીકના પીપરડી ગામે રહેતાં પોતાના કાકા રાજેશભાઇ બાલુભાઇ પટોળીયાને ત્યાં ગયો હોઇ ત્યાંથી કાકા રાજેશભાઇ તેને પોતાના બાઇકમાં બેસાડી ધારી તેના ઘરે મુકવા જવા નીકળ્યા હતાં.

આ વખતે પીપરડી-ધારી વચ્ચેના રસ્તા પર બાઇક સ્લીપ થઇ જતાં કાકા-ભત્રીજા



ફંગોળાઇ ગયા હતાં. જેમાં કાકાનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. પરંતુ દર્શીલને ગંભીર ઇજા થતાં તેને ધારી સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ છે. હોસ્પિટલ મારફત જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ મોહનભાઇ કે. મહેશ્વરી સહિતે કાગળો કરી ધારી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર દર્શીલ બે ભાઇમાં નાનો હતો.

તેણે આ વર્ષે જ બારમુ ધોરણ પુરૂ કર્યા



બાદ ગાંધીનગર પીડીઇયુ કોલેજમાં એડમીશન લીધી હતું. આ કોલેજમાં તેને સોળમી જુલાઇના રોજ તેને અભ્યાસ ચાલુ કરવાનો હતો. એ પહેલા તે કાકાના ઘરેથી પોતાની ઘરે જતો હતો ત્યારે રસ્તામાં અકસ્માત નડ્યો હતો. યુવાન આશાસ્પદ દિકરાના મૃત્યુથી પરીવારમાં કલ્પાંત સર્જાયો છે. મૃતકના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. યુવાન આશાસ્પદ દિકરાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો અમરેલીના હનુમાનપરામાં આવેલી તેલની ઘાણીમાં મજૂરી કરતા પચ્ચીસ વર્ષના યુવાનનું મગફળીની ગુણીઓ માથે પડતાં દબાઇ જવાને કારણે, ઇજા થવાથી મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ અમરેલીમાં હનુમાનપરા વિસ્તારમાં રહેતો પચ્ચીસ વર્ષનોઅશોકભાઇ કરમશીભાઇ મોસપરા નામનો દેવીપૂજક યુવાન ગત દસમી તારીખના રોજ હનુમાનપરા વિસ્તારમાં આવેલીસ સહયોગ નામની તેલની ઘાણીમાં મજુરી કામ કરવા ગયો ત્યારે તેના ઉપર મગફળીની ગુણીઓ પડતાં તે દબાઇ ગયો હતો અને ઇજાઓ પણ થઇ હતી.

તેને અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવારમાં તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુ પામનાર અશોકભાઇ એક બહેન અને બે ભાઇમાં મોટો હતો. તેને સંતાનમાં એક વર્ષની દિકરો છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બનાવની જાણ અમરેલી સીટી પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આમ બે ઘટનામાં બે પરિવારે આશાસ્પદ કંધોતર ગુમાવી દીધા હતાં.



# સ્વાશ્રય સોસાયટીમાં સીડી ઉતરતાં પ્રૌઢનું મોત

## વેલનાથપરામાં પચ્ચીસ વર્ષના યુવાનનું બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટઃ તા.૨૩

હૃદય રોગના હુમલાથી વધુ એક પ્રૌઢનું મૃત્યુ થયું હતું. મવડી રોડ વિશ્વેશ્વર મંદિર પાસે સ્વાશ્રય સોસાયટીમાં રહેતાં સતાવન વર્ષના પ્રવિણભાઇ વલ્લભભાઇ ભુવા ઘરમાં દાદરા ઉતરતાં હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર પ્રવિણભાઇ ત્રણ ભાઇમાં વચેટ હતાં અને વેપાર કરતાં હતાં. સંતાનમાં બે દિકરા છે.

દાદરા ઉતરતી વખતે હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. જ્યારે આજીડેમ ચોકડી જડેશ્વર વેલનાથપરામાં રહેતો કિશનભાઇ જગદીશભાઇ મકવાણા નામનો પચ્ચીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર કિશનભાઇ એક બહેનથી નાનો અને અપરિણીત હતો. તે છુટક મજૂરી કરતો હતો. પરંતુ ચારેક મહિનાથી બિમાર રહેતો હતો.

સવારે એકાએક બેભાન થઇ જતાં તુરંત હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

### બે મહિનાથી જ્યાં નોકરી કરતો હતો ત્યાંથી ચોરી કરતાં રંગેહાથ પકડાયો ને મળી તાલીબાની સજા

# કલાક માર મારી તરસ્યો રાખતા મોત

**મઘરવાડામાં મજૂરની હત્યામાં ફેક્ટરી માલિકના પુત્ર, મેનેજર સહિત નવને પકડી લેવાયાઃ પોલીસ તપાસમાં ક્રુરતાની હદ વટાવતી વિગતો બહાર આવી**

રાજકોટઃ તા.૨૩

કુવાડવાના મઘરવાડા ગામે કોપર વાયરની ચોરી કરનાર યુપીનો યુવાન રંગેહાથ ઝડપાઇ જતાં તેને ખાટલે બાંધી ફેકટરી માલિકના પુત્ર, મેનેજર સહિતના નવ જણાએ ખાટલે ઉંધો બાંધીને પ્લાસ્ટીકની નળી, મશીનના પટ્ટાથી બેફામ ફટકારતાં હત્યા થયાની ઘટનામાં આ નવેય જણાની અત્યંત ક્રુર હરકતો બહાર આવી હતી. તપાસમાં ખુલ્યું હતું કે ચોરી કરતાં પકડાયેલા મજૂરને ખાટલે ઉંધો બાંધી નવેય નિષ્ઠુર લોકોએ વારાફરતી એક કલાક સુધી મારકુટ કરી હતી, એ પછી એક કલાક સુધી તેને તરસ્યો રાખી રૂમમાં રાખી મુક્યો હતો. બાદમાં જ્યારે કુટુંબી ભાઇ તેને પાણી પીવડાવવા ગયો ત્યારે તે મૃત મળતાં ચકચાર મચી ગઇ હતી. કુવાડવા રોડ પોલીસે હત્યાનો ગુનો નોંધી નવેય આરોપીઓને હસ્તગત કરી પુછતાછ શરૂ કરી હતી.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો હત્યાની વધુ એક ઘટના રાજકોટ શહેર પોલીસના તાબા આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે હત્યાનો ભોગ બનેલા મુળ યુપીના ચાલીસ વર્ષના ચંદ્રવીર ભગવતીભાઇ ચૌહાણના કુટુંબી ભાઇ હાલ મઘરવાડા કાવ્યા એલોય પ્રા.લિ. નામની ફેક્ટરીમાં રહી કામ કરતાં મુળ યુપીના બહેરાઇચ જીલ્લાના કેશરગંજ તાબેના દોલતપુરા ગામના સર્વેશ સુશીલકુમાર ચૌહાણની ફરિયાદ પરથી કારખાના માલિકના દિકરા સાહિલ ભાવેશભાઇ લીંબાસીયા, મેનેજર શની રૈયાણી, પાર્થ હાપલીયા, ડેનીશ હાપલીયા, સત્યમ ડોબરીયા, રમેશ સિધ્ધાથ, વિશાલ જાદવ, રાજુ ઠાકોર, મુન્ના વર્મા અને તપાસમાં ખુલે તેની સામે હત્યાનો ગુનો નોંધી તમામને સકંજામાં લઇ પુછતાછ શરૂ કરી હતી. સર્વેશની પુછતાછમાં પોલીસને ચોંકાવનારી હકિકત જાણવા મળી હતી. તેણે જણાવ્યું હતું કે હાલ હું એલોય ફેક્ટરીમાં રહી અને ભઠ્ઠીમાં માટી ઉપાડવાનુ મજુરીકામ કરૂ છુ, હુ ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષથી રહુ છું. મારા પિતા છુટક મજુરીકામ કરે છે. મારી માતાનુ નામ સર્મીલાદેવી છે જેઓ ઘરનુ કામકાજ કરે છે. અમો આઠ ભાઈ બહેન છીએ.

સર્વેશએ આગળ કહ્યું કે હું અહી એક મહીના પહેલા કામ ઉપર રહ્યો છું. અહી આશરે પચાસેક જેટલા મજુર કામ કરે છે. મારી સાથે મોટા બાપુનો દિકરો ચંદ્રવીર ચૌહાણ પણ અહિ બે મહિનાથી કામ કરતો હતો. અમારો નોકરીનો ટાઇમ સવારના આઠથી રાતના આઠ સુધીનો છે. સર્વેશએ વધુમાં જણાવ્યું હતું કે એકવીસમીની રાત્રીના આઠેક વાગ્યાના અરશામાં મારું કામ પુરૂ કરી લેબર વર્કરનીં રહેવાની ઓરડી આવેલી હોઇ ત્યાં ગયો હતો. આ વખતે મોટા બાપુનો દિકરો ચંદ્રવીર હાજર હતો. તે બહાર જતો હોઇ મેં તેને ક્યાં જાય છે? તેમ પુછતાં તેણે કહેલું કે રાજકોટ કામ માટે જાય છે. જેથી મેં કહેલું કે કાલે આપણે વધુ કામ કરવાનું છે, જેથી રાજકોટ જવાનું રહેવા દે, નહિતર કાલે કામ પુરૂ નહિ થાય. જેથી તેણે મને કહેલ કે હુ સમયસર આવી જઈશ અને આપણે કામ પુરૂ કરી નાખીશુ. બાદ હુ જમવાનુ બનાવી જમીને રાત્રીના આશરે સાડા અગીયા વાગ્યે સુઇ ગયો હતો.

બાદ રાત્રીના આશરે દોઢેક વાગ્યાના અરસામાં અમારા કારખાનાના મેનેજર



સનીભાઈ તથા પાર્થભાઈ બંને આવેલ અને મને જગાડી પોતાની સાથે આવવાનું કહ્યું હતું. આથી હું તેમના મોટરસાઇકલમાં બસી ગયો હતો. આ લોકો કુવાડવા ગામ બાજુ લઇ ગયેલ, જ્યાં રસ્તામાં રોડ ઉપર એક દુકાન આવેલ ત્યાં અમો ઉભા રહેલ, જ્યાં મારો ભાઈ ચંદ્રવીર પણ હતો. આ વખતે મેનેજર શનીભાઈએ કહેલું કે-તારો ભાઈ ચંદ્રવીર આપણા કારખાનામાંથી માલ ચોરીને જતો હતો અને તેને પકડ્યો છે. આ પછી મેં, શનીભાઇ અને પાર્થભાઇએ મારા કુટુંબી ભાઇ ચંદ્રવીર પાસે પ્લાસ્ટીકનો કોથળો હોઇ તે ખોલીને જોતાં તેમાં કોપરનો આશરે ૩૫ કિલો જેટલો તાર હતો. જેથી અમો બધા તે પ્લાસ્ટીકનો કોથળો તથા મારા ભાઈ ચંદ્રવીરને લઇ અને કારખાને પરત આવેલ અને મારા ભાઇ ચંદ્રવીરને ગાભા ખાતામાં મુકી હું મારા રૂમે પરત આવી ગયો હતો.

બાદમાં બીજા દિવસ બાવીસમીના સવારે આઠેક વાગ્યે હું કામે ગયેલ ત્યારે કારખાનાના ગેઇટ પાસે રોડ પર અમારા શેઠ ભાવેશભાઇ લીંબાસીયાનો દિકરો સાહિલભાઈ તથા તેની સાથે અમારા મેનેજર શનીભાઈ રૈયાણી, તેમજ પાર્થભાઈ હાપલીયા તથા ડેનીશભાઇ હાપલીયા તથા સત્યમભાઇ ડોબરીયા તથા રમેશ સિધ્ધાર્થ તથા વિશાલ જાટપ તથા રાજુ ઠાકોર તથા મુ ન્ના વર્મા તથા બીજા અજાણ્યા માણસો ઉભા હતાં. આ બધાએ મારા ભાઈ ચંદ્રવીરને ત્યા ખાટલા ઉપર ઉંધો સુવડાવી દોરી વડે બાંધીને રાખ્યો હતો. બધા મારા ભાઇ ચંદ્રવીરને મારતા હતા અને પુછતા હતા કે તારી સાથે ચોરી કરવામાં મદદમાં કોણ હતુ? બાદ તેઓ મને જોઇ ગયેલ જેથી તેઓએ મને બોલાવી અને કહેલ કે તું આની ભેગો ચોરીમાં સાથે હતો નહી ને? જેથી મેં ના પી કહેલું કે મને આ બારામાં કંઇ ખબર નથી, મારા ભાઇએ ચોરી કરી એ પણ મને ખબર નથી. એ મને રાતે રાજકોટ જવાનુ કહીને નીકળેલ હતો. ત્યાર બાદ આ બધા વારાફરતી મારા ભાઈ ચંદ્રવીર જેને ખાટલા ઉપર ઉંધો સુવડાવી દોરી વડે બાંધેલો હતો તેને પાછળના ભાગે પ્લાસ્ટીકની નળી વડે તથા મશીનના પટ્ટા વડે માર મારતા હતા. આ રીતે આ બધાએ આશરે એકાદ કલાક મારા ભાઇ ચં દ્રવીરને વારાફરતી થોડી થોડી વારે માર માર્યો હતો. આ કારણે મારો ભાઇ ચંદ્રવીર બેભાન થઇ જતાં મે આ લોકોને કહ્યુ હતુ કે-હવે વધુ ના મારશો નહીતર મારો ભાઈ મરી જશે. આ વખતે સાહીલભાઇએ કહેલું કે-આજે તો આને ચોરીની સજા આપવાની જ છે. તેમ કહી આ લોકોએ મારા ભાઇને મારવાનુ ચાલુ જ રાખ્યું હતુ. ત્યારબાદ મેં તથા મેનેજર શનીભાઈ તથા પાર્થભાઇ મારા ભાઇને ઉંચકીને અમો રહીએ છીએ તે ઓરડીમાં સુવડાવી દીધો હતો. આ પછી એકાદ કલાક બાદ અમારા શેઠના દિકરા સાહિલભાઇ તથા મેનેજર તથા બીજા તેની સાથેના લોકોએ મને મારા ભાઇ ચંદ્રવીરને પાણી પીવડાવવા માટે મોકલતા હું ત્યા મારા ભાઈ પાસે ગયો અને જોયું તો તે બેભાન હતો, બોલાવવા છતાં કશું બોલતો નહોતો. આની જાણ મે મારા શેઠના દિકરા તથા મેનેજર તથા બીજા લોકોને કરતા તેઓ ઓરડી ખાતે આવી ગયા હતાં અને તેણે પણ તપાસ કરી હતી. બાદ તેઓએ અમારા શેઠ ભાવેશભાઇને જાણ કરતા અમારા શેઠ ભાવેશભાઇ આવીને મારા ભાઇ ચંદ્રવીરને તપાસ્યા બાદ તેઓએ ૧૦૮ બોલાવી હતી. તેના ડોક્ટરે મારા ભાઇ ચંદ્રવીર ચૌહાણને મૃત જાહેર કર્યો હતો. આ પછી અમે પોલીસને જાણ કરી હતી. મારા શેઠ ભાવેશભાઇ લીંબાસીયાના દિકરા સાહિલ તથા અમારા મેનેજર શની રૈયાણી તથા સાથેના પાર્થ હાપલીયા તથા ડેનીશ હાપલીયા તથા સત્યમ ડોબરીયા તથા રમેશ સિધ્ધાર્થ તથા વિશાલ જાટપ તથા રાજુ ઠાકોર તથા મુન્ના વર્મા તથા બીજા અજાણ્યાએ મારા ભાઇ ચંદ્રવીર ભગવતી ચૌહાણ જે હાલ કાવ્ય એલોય પ્રા. લી. મઘરવાડા ગામે રહેતો હતો અને મુળ ગૌડરીયા દોલતપુર ગામ તા.કેશરગંજ જી.બહેરાઇચ, ઉત્તરપ્રદેશનો વતની હોતો તે કોપર વાયર ચોરી કરતાં પકડાઇ ગયો હોઇ તેની સાથે આ ચોરીમાં બીજા કોઇ સામેલ છે કે કેમ? તે પુછવા શંકા કરી ખાટલે બાંધી બેફામ માર માર્યો હોઇ તેનું મોત થયું હતું. તેમ વધુમાં સર્વેશએ જણાવતાં ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવના માર્ગશર્દનમાં પોલીસ ઇન્સપેકટર એ. એન. જાની, રાઇટર અજીતભાઇ લોખીલ, હિતેષભાઇ માલકીયા સહિતે ગુનો નોંધી ડી. સ્ટાફની મદદથી તમામ આરોપીઓને પુછતાછ ઉઠાવી લીધા હતા. સતત એક કલાક માર મારી બાદમાં એક કલાક પાણી વગર રૂમમાં રાખી મુકતાં મોત થયાનું ખુલ્યું હતું. આવી ક્રુરતા આચરનારા તમામ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગીરના હોટલ-રિસોર્ટ ધારકો પર તંત્રની કડકાઈ

## પ્રવાસન ઉદ્યોગ ભાંગી પડવાની ભીતિ સાથે મંત્રીઓ સમક્ષ કટોકટીભરી રજૂઆત




રાજકોટ, તા. ૨૩

જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ગીર વન્યજીવ અભયારણ્યની નિર્ધારિત ત્રિજ્યા બહાર રેવન્યુ વિસ્તારમાં વર્ષોથી કાયદેસરની મંજૂરી મેળવીને કાર્યરત હોટલ અને રિસોર્ટ માલિકો હાલ વહીવટી તંત્રની વારંવારની નોટિસો અને કનડગતથી વાજ આવી ગયા છે. આ પરિસ્થિતિને કારણે ગુજરાતના પ્રવાસન (ટૂરિઝમ) ક્ષેત્રને મોટું નુકસાન થવાની દહેશત વ્યક્ત કરીને 'ગીર સોમનાથ હોટલ એસોસિએશન'ના હોદ્દેદારોએ રાજ્ય સરકારના મંત્રીઓ સમક્ષ ગાંધીનગર ખાતે રૂબરૂ મળીને ધારાસભ્યો અને મંત્રીઓની હાજરીમાં રજૂઆત કરી છે.

તાજેતરમાં જ જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા ગીર અભયારણ્યની ત્રિજ્યા નજીક આવેલી હોટલો અને રિસોર્ટો પર જમીન શરત ભંગના આરોપસર કડક પગલાં લેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ૨૬ જેટલા હોટલ-રિસોર્ટને તાત્કાલિક અસરથી બંધ કરવાનો આદેશ આપવામાં આવતા સંચાલકો અને માલિકોમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે. ગીર પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવતા જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના જંગલ બોર્ડર નજીકના વિસ્તારોમાં વર્ષોથી કાયદેસરની માન્યતા ધરાવતા અનેક જાણીતા રિસોર્ટ અને હોટલો આવેલા છે, જે ગુજરાતના ટૂરિઝમ ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી રહ્યા છે.

એસોસિએશન દ્વારા વહીવટી તંત્રની કાર્યશૈલી સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. હોટલ માલિકોએ રાજ્ય સરકારને જણાવ્યું છે કે સરકાર અને વહીવટી તંત્ર પાસેથી એક વખત તમામ કાયદેસરની મંજૂરીઓ મળી ચૂકી હોવા છતાં, વન વિભાગ અને મહેસૂલ તંત્ર દ્વારા અવારનવાર ચેકિંગના નામે હેરાનગતિ કરવામાં આવે છે. એક જ વર્ષમાં લગભગ ત્રણ-ત્રણ વખત જમીનની માપણી કર્યા બાદ પણ વારંવાર નોટિસો પાઠવવામાં આવી રહી છે, જે બિલકુલ વ્યાજબી નથી.

હાલ ગીર અભયારણ્યની ત્રિજ્યામાં ચાલતા અનધિકૃત ધાબાઓ કે નાના-નાના રેસ્ટોરન્ટ્સ સામે કાર્યવાહી કરવાની સાથે-સાથે વર્ષોથી નિયમ મુજબ ચાલતા કાયદેસરના માન્યતા પ્રાપ્ત હોટલ-રિસોર્ટને પણ નોટિસો ફટકારવામાં આવી રહી છે. તેના કારણે 'સૂકા ભેગું લીલું બળે' જેવી ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને નિયમબદ્ધ વ્યવસાય કરતા સંચાલકો પણ ભીંસમાં મુકાઈ ગયા છે. હોટલ એસોસિએશને ભારપૂર્વક રજૂઆત કરી છે કે એક તરફ રાજ્ય સરકાર પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપીને વેગવંતું બનાવવાના પ્રયાસો કરી રહી છે, ત્યારે બીજી તરફ સ્થળ પરનું તંત્ર આવી કનડગત ઊભી કરીને રોકાણકારો અને વેપારીઓને પાછળ ધકેલી રહ્યું છે.

તાજેતરમાં જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા ગીર અભયારણ્યની નિર્ધારિત ત્રિજ્યા અને ઈકો-સેન્સિટિવ ઝોનની આસપાસ આવેલા એકમો સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. જમીનના શરત ભંગ અને અનધિકૃત બાંધકામ કે વપરાશના આરોપ હેઠળ ૨૬ જેટલા નામાંકિત હોટલ અને રિસોર્ટને તાત્કાલિક અસરથી સીલ કરવા અથવા બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશ બહાર પડતાં જ ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ હેઠળ આવતા જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાના સમગ્ર હોટલ ઉદ્યોગમાં ફફડાટ અને તીવ્ર અસંતોષ ફેલાઈ ગયો છે. આ બેઠકમાં એસોસિએશને તમામ દસ્તાવેજી પુરાવા સાથે રજૂઆત કરી હતી કે કાયદેસરના હોટલ-રિસોર્ટ ધારકોને વહીવટી તંત્રની બિનજરૂરી નોટિસો અને કનડગતમાંથી મુક્તિ આપવામાં આવે અને નિયમોના દાયરામાં રહીને વહેલી તકે ઉકેલ લાવવામાં આવે. મંત્રીશ્રીઓએ પણ આ બાબતે યોગ્ય ચકાસણી કરી સકારાત્મક પગલાં ભરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળ્યું છે.

### એક જ વર્ષમાં ત્રણ વાર જમીન માપણી અને વારંવાર ચેકિંગ સામે સવાલો

એસોસિએશનના સભ્યોએ તંત્રની કામગીરી સામે ગંભીર વિરોધ નોંધાવતા સવાલો ઉઠાવ્યા છે કે, જ્યારે એકવાર રાજ્ય સરકાર, મહેસૂલ વિભાગ અને વન વિભાગ તરફથી તમામ પરવાનગીઓ (ગઅ, ઈઅ પરમિશન, સાઈલેન્સ ઝોન/ઈકો ઝોન ક્લિયરન્સ) મળી ગઈ હોય, તો પછી વારંવાર શા માટે જમીનની માપણી કરવામાં આવે છે? એક જ વર્ષ દરમિયાન આશરે ત્રણ-ત્રણ વખત જમીનની માપણીઓ કર્યા બાદ પણ અવારનવાર નોટિસો પાઠવીને કનડગત કરવામાં આવી રહી છે. વન વિભાગ અને મહેસૂલ વિભાગના અવારનવાર ચેકિંગ અને ભયના માહોલને કારણે રિસોર્ટમાં રોકાતા પ્રવાસીઓ પણ અસુરક્ષિતતા અનુભવે છે, જે પ્રવાસન ઉદ્યોગ માટે અત્યંત હાનિકારક છે.

### પ્રવાસન નીતિ અને તંત્રના વલણ વચ્ચેનો વિરોધાભાસ

રજૂઆતમાં હોટલ માલિકોએ ખાસ ઉલ્લેખ કર્યો છે કે એક તરફ રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે, નવી નવી ટૂરિઝમ પોલિસીઓ લાવીને રોકાણકારોને આવકારે છે, ત્યારે બીજી તરફ સ્થાનિક તંત્ર અને વન વિભાગ દ્વારા ચાલી રહેલા કાયદેસરના ઉદ્યોગોને માનસિક અને વહીવટી રીતે હરાસ કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની કનડગતથી પ્રદેશના પ્રવાસન વિકાસને મોટો ધક્કો પહોંચશે અને હજારો સ્થાનિક લોકોની રોજીરોટી છીનવાઈ જવાની દહેશત છે.

# સૌરાષ્ટ્રમાં મેઘરાજા મન મૂકીને નથી વરસ્યા

## રાજકોટ જિલ્લામાં સરેરસ ૧૬૩ મીમી વરસાદ : સૌથી ઓછો જસદણમાં ૪૫ મીમી

રાજકોટ, તા. ૨૩

રાજકોટ શહેર અને સમગ્ર જિલ્લામાં અષાઢ માસ અડધો વીતી ગયા છતાં પણ મેઘરાજાએ ધાર્યો વરતારો બતાવ્યો નથી. ચોમાસાની નબળી શરૂઆતના કારણે ખેડૂતો, સામાન્ય નાગરિકો અને વહીવટી તંત્રની ચિંતામાં મોટો વધારો થયો છે. વરસાદની ખેંચના કારણે જિલ્લામાં જળસંકટ ઘેરું બનવાની સાથે સાથે વાવણી પણ નિષ્ફળ જવાની શક્યતાઓ સેવાઈ રહી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે આપેલી સત્તાવાર માહિતી મુજબ, જિલ્લામાં મોસમનો અત્યાર સુધીમાં માત્ર ૧૬૩ મી.મી. (૨૨ ટકા) જ વરસાદ નોંધાયો છે. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો આ છેલ્લા ૩૦ વર્ષનો સૌથી ઓછો વરસાદ ગણી શકાય. ગત વર્ષ જૂલાઈ ૨૦૨૫ની સરખામણી કરીએ તો, માત્ર રાજકોટ શહેરમાં જ ૨૨ ઇંચ જેટલો ખાસ્સો વરસાદ પડી ચૂક્યો હતો, જેની સામે ચાલુ વર્ષે સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક છે.



જુલાઈ માસ પૂર્ણ થવાના આરે છે ત્યારે ખેતીપાક બચાવવા માટે ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં પૂરતા વરસાદના અભાવે પાક સુકાવા લાગ્યો છે અને વાવણી નિષ્ફળ જવાની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ખેડૂતો માટે આ વર્ષ આર્થિક રીતે ભારે પૂરવાર થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. અરબી સમુદ્રમાં ચોમાસાને વેગ આપે તેવી લો-પ્રેસર કે ડિપ્રેશન જેવી મજબૂત સિસ્ટમનો સતત અભાવ જોવા મળી રહ્યો છે.

દક્ષિણ-પશ્ચિમ તરફથી આવતા ભેજવાળા પવનોની દિશા સતત બદલાતી રહે છે. આ પવનો દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્ર તરફ ફંટાઈ જતા હોવાથી રાજકોટ અને સૌરાષ્ટ્રના આકાશમાં વાદળો બંધાવવા છતાં વરસાદ વરસતો નથી. જિલ્લામાં વરસાદની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડ પર આવી ગયું છે. પીવાના પાણીના આયોજન અને ખેતી વિષયક પરિસ્થિતિ પર કલેક્ટર તંત્ર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

### તાલુકાવાર વરસાદની વિગત

| | |
|---|---|
| ધોરાજી | ૧૧.૮૫ ઇંચ |
| ગોંડલ | ૯.૮૪ ઇંચ |
| જામકંડોરણા | ૬.૩૦ ઇંચ |
| જસદણ | ૨.૭૬ ઇંચ |
| જેતપુર | ૭.૭૨ ઇંફ |
| કોટડાસાંગાણી | ૭.૯૧ ઇંચ |
| લોધીકા | ૭.૬૮ ઇંચ |
| પડધરી | ૩.૭૦ ઇંચ |
| રાજકોટ | ૬.૩૪ ઇંચ |
| ઉપલેટા | ૭.૨૮ ઇંચ |
| વીંછિયા | ૨.૬૪ ઇંચ |

# ઈશ્વરીયા પાર્કમાં સવારે ૫ થી ૧૦ ફ્રી એન્ટ્રી!

## RMCના રેસકોર્સ મેદાનની જેમ જ હવે ઈશ્વરીયા પાર્કના મેદાનને પણ નવરાત્રીમાં દાંડિયારાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ભાડે આપવાની વિચારણા

રાજકોટ, તા. ૨૩

રાજકોટ નજીક આવેલ પ્રસિદ્ધ ઈશ્વરીયા મહાદેવ મંદિર પાસેના ૭૭ એકરના વિશાળ પરિસરમાં પથરાયેલા 'ઈશ્વરીયા પાર્ક'ને વધુ ધમધમતો કરવા અને નાગરિકો માટે વધુ સુવિધાજનક બનાવવા માટે રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર દ્વારા એક ખાસ ડેવલપમેન્ટ પ્લાન અને રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ પાર્કમાં મુલાકાતીઓની સંખ્યા વધારવા તેમજ પાર્કની આવકમાં વધારો કરવા માટે કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. શહેરના આરોગ્યપ્રેમી નાગરિકો માટે કલેક્ટર તંત્ર દ્વારા આહલાદક નિર્ણય લેવાયો છે. પ્રાયોગિક ધોરણે આગામી બે મહિના સુધી સવારે મોર્નિંગ વોક અને યોગા કરવા આવતા લોકો માટે પાર્કમાં નિઃશુલ્ક (ફ્રી) એન્ટ્રી આપવાની વિચારણા ચાલી રહી છે. આ માટે પાર્ક વહેલી સવારે ૫ વાગ્યે જ ખોલી દેવાશે અને સવારે ૧૦ વાગ્યા સુધી તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ મફત રહેશે.

અત્યાર સુધી ઈશ્વરીયા પાર્ક અડધો દિવસ જ ખુલ્લો રહેતો હતો (બપોરે ૩:૦૦ થી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી). જેના કારણે દુર-સુદુરથી આવતા પ્રવાસીઓને અગવડતા પડતી હતી.

પરંતુ હવે સમયપત્રકમાં મોટો ફેરફાર કરીને પાર્કને સવારે ૧૦:૦૦ થી રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી સતત (વગર બ્રેક) ખુલ્લો રાખવાનો નિર્ણય લેવાયો છે. કાયમી વિકાસ માટે સલાહકારોની મદદ લેવાશે. ઈશ્વરીયા પાર્કને ટુરિઝમ અને મનોરંજનના હોટસ્પોટ તરીકે વિકસાવવા માટે તંત્ર દ્વારા વિષય નિષ્ણાત અને પ્રોફેસર કક્ષાના સલાહકારોની મદદ લેવામાં આવી રહી છે, જેથી આગામી દિવસોમાં પાર્ક વધુ આકર્ષક બની શકે.




### નવરાત્રી - સાંસ્કૃતિક ઈવેન્ટ્સ માટે મેદાન ભાડે અપાશે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રેસકોર્સ સ્થિત માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડને નવરાત્રીમાં ગરબા માટે ભાડે આપવાની જે નીતિ છે, તે જ 'રેસકોર્સ મોડેલ' હવે ઈશ્વરીયા પાર્કમાં પણ અપનાવવામાં આવશે. કલેક્ટર સહિતની ઉચ્ચ અધિકારીઓની ટીમે પાર્કની રૂબરૂ મુલાકાત લીધી હતી. નવરાત્રી દરમિયાન દાંડિયારાસ તેમજ દિવાળી કે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો માટે પાર્કનું ખાસ નિયત કરેલું મેદાન ભાડે આપવાનું આયોજન છે.

## વ્યાજંકવાદનો ભરડો વધુ એક પરિવારનો માળો વિખેરી ગયોઃ વાળના ધંધામાં ખોટ જતાં યુવાન ફસાયો હતો

# સ્મશાનમાં ઝેર પી જીવ દીધોઃ વ્યાજખોરી કારણભુત

રાજકોટ,તા.૨૩

વ્યાજંકવાદનો અજગર ભરડો વધુ એક પરિવારના સદસ્ય માટે જીવલેણ નીવડ્યો હતો. વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણ અઠ્ઠાવીસ વર્ષના યુવાને તેના વતનના સ્મશાનમાં જઇ ઝેરી ટીકડીઓ પી લેતાં સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડ્યો હતો. અગાઉ વાળની ગુંચ વેંચવાનો ધંધો ચાલુ કરતાં તેમાં ખોટ જતાં વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણે આ પગલુ ભરવા તે મજબૂર થયાનું સગાએ જણાવ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો પોરબંદરના કુતિયાણા કે. ડી. પ્લોટમાં રહેતાં હરેશભાઇ મનસુખભાઇ સોલંકી નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાને માણાવદરના સરદારગઢમાં આવેલા દેવીપૂજક સમાજના સ્મશાનમાં ઝેરી દવા પી લેતાં સમાજના કોઇ લોકોને જાણ થતાં હરેશભાઇને તાકીદે માણાવદરની હોસ્પિટલમાં ખસેડી તેથા સગાને જાણ કરી હતી. ત્યાંથી વધુ સારવાર માટે તેણે જુનાગઢ અને જુનાગઢથી ઉપલેટાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ ત્યાંથી રાજકોટ લઇ જવાનું કહેવાતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં વહેલી સવારે ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવારને અંતે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માણાવદર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર હરેશભાઇ ત્રણ બહેનનો એકનો એક નાનો ભાઇ હતો. તેને સંતાનમાં એક દિકરી છે. સગાએ જણાવ્યું હતુ કે હરેશભાઇ હાલમાં છુટક મજુરી કરતો હતો. અગાઉ તેણે વાળની ગુંચ વેંચવા, ખરીદવાનો ધંધો ચાલુ કર્યો હતો. પરંતુ આ ધંધામાં ખોટ જતાં ભરપાઇ કરવા માટે તેણે અલગ અલગ લોકો પાસેથી અલગ અલગ રકમ વ્યાજેથી લીધી હતી.

આ કારણે હાલમાં તે ચાર-પાંચ લાખના દેણામાં આવી ગયો હતો. હાલમાં મજુરી કામ ખાસ મળતું ન હોઇ તે દણું ચુકવી શકતો નહોતો. બીજી તરફ ઉઘરાણીઓ સતત ચાલુ રહેતી હોઇ કંટાળી ગયો હતો. ગઇકાલે હરેશભાઇ ઘરેથી કામે જવાનું કહીને નીકળ્યા બાદ મુળ વતન સરદારગઢ ગામે પહોંચ્યો હતો. અહિ કુળદેવીના મઢે પહેલા તેણે દર્શન કર્યા હતાં. બાદમાં દેવીપૂજક સમાજનું અહિ સ્મશાન આવેલુ હોઇ ત્યાં જઇ ઝેરી ટીકડીઓ પી લીધી હતી. આપઘાતની ઘટના અંગે માણાવદર પોલીસ વધુ તપાસ કરશે. આ બનાવથી સોલંકી-દેવીપૂજક પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. પોલીસે આ મામલે વિશેષ તપાસ હાથ ધરી હતી.




### અપમૃત્યુની અન્ય ચાર ઘટનામાં અકસ્માતમાં એક યુવાનનું, બેભાન થઇ જતાં યુવાન, વૃધ્ધા, મહિલાની જિંદગીનો અંત આવ્યો

અપમૃત્યુના અન્ય એક બનાવમાં જસદણના લાતી પ્લોટમાં રહેતાં નાથીબેન ધીરૂભાઇ સાયાણી નામના બાંસઠ વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ આજે વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર નાથીબેનને બ્લડપ્રેશર સહિતની બિમારી હતી. તેમને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. મોતનું કારણ જાણવા જસદણ પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જ્યારે મેટોડા નજીક ચીભડા ગામ પાસે અકસ્માતમાં ઇજા થતાં એક યુવાનનું મોત થયું છે. જાણવા મળ્યા મુજબ રાતે સાડા દસેક વાગ્યે ચીભડા ગામ નજીક એક યુવાન ઈજાગ્રસ્ત હાલતમાં અર્ધબેભાન જેવો પડ્યો હોઇ કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. તેના મારફત તેને સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. અહિ તે થોડો ભાનમાં હોઇ પોતાનું નામ દિનેશભાઇ સુરેશભાઇ જણાવી શક્યો હતો. સારવારમાં તેણે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં મેટોડા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ એક બનાવમાં અકસ્માતને કારણે એક યુવાનનું મોત થયું હતું. જામનગર શંકર ટેકરી વિસ્તાર રઝાનગરમાં રહેતાં રફીકભાઇ દોસ્તમહમદ કમલાણી નામના ચાલીસ વર્ષના યુવાન સત્તરમીએ રાતે મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે કનસુમરાના પાટીયા પાસે બાઇક સ્લીપ થઇ જતાં ઇજા થતાં જામનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ જામનગર સીટી પોલીસને કરી હતી.

ઉપરાંત મોરબીના ખારી વિસ્તાર ચાર રસ્તા પાસે રહેતાં ગીતાબેન જીતેન્દ્રભાઇ વરાણીયા નામના એકતાલીસ વર્ષના મહિલા ઘરે હતાં ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો શરૂ થતાં બેભાન જેવા થઇ જતાં મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી સીટી પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ગીતાબેનના પતિ કારખાનામાં કામ કરે છે. તેમને સંતાનમાં બે દિકરા છે. મોતનું ચોક્કસ કારણ જાણવા મોરબી પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી તપાસ યથાવત રાખી હતી. આમ અપમૃત્યુની વધુ પાંચ ઘટનાઓ બની હતી.